CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883


Page 19


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 60, Dt. 08-07-2026 (WEDNESDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789


### રવિવારે સાસણમાં ભાજપના પ્રશિક્ષણ અભિયાનમાં ભાગ લેવા ગયા હતા

# રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ સાસણમાં ડમ ડમ હાલતમાં લથડતા દેખાયા?

- કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાત્રિ ભોજન માટે રેસ્ટોરન્ટમાં વ્યવસ્થા કરવામાં આવી હતી
- પ્રમુખ નીચે ભોજન લેવા માટે આવ્યા ત્યારે તેમની ચાલ અને સ્થિતિ સામાન્ય ન હોવાની કાર્યકરોમાં ચર્ચા શરૂ થઈ હતી

## હાજર કેટલાક લોકોએ કહ્યું કે પ્રમુખને ટેકો આપીને લઈ જવામાં આવ્યા હતા ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્રભરમાં ભાજપ દ્વારા ચાલી રહેલા પ્રશિક્ષણ મહાઅભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લા અને તાલુકા સ્તરનું પ્રશિક્ષણ શિબિર સાસણ ગિરમાં યોજાયું હતું. રવિવારે એક આલિશાન હોટેલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બનેલી એક ઘટનાએ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ ગરમાવી દીધો છે. માહિતી મુજબ, કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાત્રિ ભોજન માટે રેસ્ટોરન્ટમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ સંજય પીપળિયા ભોજન માટે પહોંચ્યા ત્યારે તેમની ચાલ અને સ્થિતિ સામાન્ય ન હોવા અંગે ઉપસ્થિત કાર્યકરોમાં ચર્ચા શરૂ થઈ હતી. કેટલીક હાજર વ્યક્તિઓએ નોંધ્યું હતું કે તેઓ લથડિયા ખાતા દેખાઈ રહ્યા હતા, જેને કારણે ત્યાં હાજર અંદાજે ૬૦ જેટલા કાર્યકરોમાં કુતૂહલ અને આશ્ચર્ય જોવા મળ્યું હતું. સ્થળ પર હાજર રહેલા કેટલાક લોકોએ જણાવ્યું હતું કે પ્રમુખને ટેકો આપીને અંદર લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનાએ કાર્યક્રમની ગૌરવસભર છબાને બદલે એક અલગ જ ચર્ચાનો વિષય ઉભો કર્યો છે. જોકે, આ મામલે કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી અને પ્રમુખની આ સ્થિતિ પાછળનું ચોક્કસ કારણ સ્પષ્ટ થયું નથી. ઉલ્લેખનીય છે કે વરસાદી મોસમ દરમિયાન સાસણ ગિર જેવા પર્યટન સ્થળે કાર્યક્રમ યોજાતા, વાતાવરણનો આનંદ લેવાયો હોવાની પણ ચર્ચાઓ ચાલી રહી છે. તેમ છતાં, જિલ્લા પંચાયત જેવી મહત્વપૂર્ણ સંસ્થાના વડા અંગે આવી ચર્ચાઓ રાજકીય અને સામાજિક સ્તરે પ્રશ્નો ઉભા કરે છે.



### પ્રમુખના પુત્રની દાદાગીરીની ઓડિયો ક્લિપ પણ અગાઉ વાઈરલ થઈ હતી

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પદે સંજય પીપળિયાની વરણી થયાને હજુ માંડ ૨૪ કલાક એટલે કે ૨૩-૨૪ મેના દિવસે જ પ્રમુખનો પુત્ર હર્ષિલ પીપળિયાએ સત્તાના નશામાં ચૂર થઈ પિતાના રાજકિય પ્રતિસ્પર્ધીના ટેકેદારને ફોન કરી બેફામ અપશબ્દો બોલી પંચાયતે દેખાયો તો ઉપાડી લઈશ... તેવી ધમકી આપી હોવાની એક કથિત ઓડિયો ક્લિપ પણ વાયરલ થઈ હતી.

### ભાજપના પ્રશિક્ષણ અભિયાનમાં શું છે ?

આ પ્રશિક્ષણ મહાઅભિયાનનો મુખ્ય ઉદ્દેશ સંગઠનને વધુ સશક્ત બનાવવાનો અને કાર્યકર્તાઓએ વિચારધારાત્મક તેમજ સંગઠનાત્મક રીતે સજ્જ કરવાનો હોય છે આ વર્ગોમાં ભાજપના કાર્યકર્તાઓને પાર્ટીની વિચારધારા, સંગઠન પધ્ધતિ સેવાકાર્યો, સુશાસન અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ સહિત વિવિધ વિષયો પર માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે અને જનસેવામાં સક્રિય બનવા તમામ યોજનાઓ પ્રજા સુધી કેમ પહોંચાડવી તેનું માર્ગદર્શન આપવામાં આવે છે.






## બીજાની દુકાન આગળ પતરૂં મારી દીધું : પોલીસમાં અરજી

# ભીમનગરમાં ગેરકાયદે દબાણ કરી નિવૃત પોલીસકર્મીની દાદાગીરી

## પોલીસ કએ અમારામાં ના આવે મહાપાલિકા કહે પોલીસને કહો !



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની હદમાં દબાણખોરો બેફામ બન્યા છે. કાયદાનું રક્ષણ કરનારા જ કાયદો હાથમાં લઈ રહ્યા હોવાનો એક ચોંકાવનારો કિસ્સો રાજકોટના નાના મવા વિસ્તારમાંથી સામે આવ્યો છે. અહીં એક નિવૃત્ત પોલીસકર્મીએ પોતાની જૂની વગ અને હોદ્દાનો ગેરલાભ ઉઠાવીને ખુલ્લેઆમ ગેરકાયદેસર દબાણ કર્યું હોવાની ગંભીર ફરિયાદ મનપાની ટાઉન પ્લાનિંગ (TP) શાખામાં કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નાના મવા ટીપી સ્કીમ નંબર-૨૦ હેઠળ આવતા જય ભીમનગર વિસ્તારમાં (સર્વે નં. ૧૨૩/પૈકી, મુળખંડ નંબર ૫૪) દેવાભાઈ કાબાભાઈ રાતડીયાની દુકાન આવેલી છે. આ જમીન ૧૮ મીટરના ટીપી રોડ કપાતમાં આવતી હોવાથી મહાનગરપાલિકા દ્વારા અગાઉ નોટિસ આપવામાં આવી હતી. પરંતુ, આ કપાત બાદ સત્તાવાર હદ નક્કી થાય તે પહેલાં જ શ્રી પ્રકાશભાઈ પ્રવીણભાઈ મકવાણા અને પ્રવીણભાઈ મકવાણા દ્વારા કાયદાના લીરેલીરા ઉડાડવામાં આવ્યા છે. હવે જોવું એ રહે છે કે, મનપાનું તંત્ર નિવૃત્ત પોલીસકર્મીની દાદાગીરી સામે ઝૂકું પડે છે કે પછી કડક કાર્યવાહી કરી દબાણનો સફાયો બોલાવે છે!


## દુકાન માલિકે પતરૂ હટાવાતા ભીમનગર સર્કલ પાસે જાહેરમાં એક માથાભારે વ્યક્તિ હથિયારો સાથે ખોફ : ગાળો કાઢી ધમકીઓ આપી

### દુકાનનું શટર બ્લોક કરી દીધું, સ્મશાનની દિવાલ પણ તોડી

આ શખ્સોએ જોહુકમી વાપરીને, મનપાની કોઈપણ જાતની સત્તાવાર માપણી કે કોર્ટના આદેશ વિના જ દેવાભાઈની દુકાનના શટર આગળ રાતોરાત પતરાંની વાડ ઉભી કરી દીધી છે. એટલું જ નહીં, જય ભીમનગર સ્મશાન પાસેની દિવાલ તોડીને ગેરકાયદેસર બાંધકામ પણ કરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો થયા છે. આ સમગ્ર પ્રકરણમાં નિવૃત પોલીસકર્મી પોતાની ખાખી વર્દીની ધાક જમાવીને ફાયદો ઉઠાવી રહ્યો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

### ટીપી ઓફિસરને તાત્કાલિક પગલાં લેવા અપીલ

આ એકતરફી અને ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા પતરાં અને દબાણને કારણે બે પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની અને ભવિષ્યમાં આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ દાદાગીરી સામે પીડિત દુકાન માલિક દેવાભાઈ રાતડીયાએ રાજકોટ મનપાના ટાઉન પ્લાનિંગ ઓફિસરને લેખિતમાં ફરિયાદ કરી છે. તેમણે માંગ કરી છે કે, તાત્કાલિક અસરથી ટીપી રેકોર્ડ મુજબ સ્થળની તપાસ કરી, સત્તાવાર હદ નક્કી કરવામાં આવે અને દુકાન આગળ ગેરકાયદેસર રીતે ખડકી દેવાયેલા પતરાં તેમજ દબાણને દૂર કરવામાં આવે.


16/6/2026

# પારદર્શકતા નહીં, દબાણની રાજનિતિ



## જંગલેશ્વર ખર્ચ કૌભાંડમાં નવો ટ્વિસ્ટ

# ખર્ચના બીલ મીડિયાને આપનાર કર્મચારીને ફસાવાનો પ્લાન ?

## આઈ.ટી. વિભાગના ધ્યાને ઓડીટ શાખાના કર્મચારીનું આઈપી એડ્રેસ આવ્યું



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં જંગલેશ્વર વિસ્તારમાં થયેલા ડિમોલીશન ખર્ચને લઈને વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. ખર્ચના આંકડા જાહેર કરવાની જગ્યાએ હવે સત્ય બહાર લાવનાર કર્મચારી સામે જ કાર્યવાહી કરવાની તૈયારી શરૂ થતાં "ઊલટા ચોર કોટવાલને ડાંટે" જેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

માહિતી મુજબ, ડિમોલીશન ખર્ચના બિલ મીડિયામાં પહોંચતા તંત્ર હરકતમાં આવ્યું છે. તપાસ દરમિયાન આઈટી વિભાગને ઓડિટ શાખાના એક કર્મચારીનું આઈપી એડ્રેસ મળી આવ્યું હોવાનું જાણવા મળે છે. જેના આધારે હવે તે કર્મચારી સામે ખાતાકીય પગલા સહિત કડક કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી છે.

આ મામલે સૌથી મોટો સવાલ એ છે કે, જાહેર હિતનો મુદ્દો હોવા છતાં હજુ સુધી શાસકો અને અધિકારીઓએ કુલ ખર્ચનો સત્તાવાર આંક જાહેર કર્યો નથી. ખર્ચ કેટલો થયો, કયા હેડ હેઠળ થયો અને તેમાં કોઈ ગેરરીતિ છે કે નહીંઆ બધા પ્રશ્નો હજી અનઉત્તરિત છે.

ઓડિટ વિભાગના વડા હવે સંબંધિત કર્મચારી સામે કયા પ્રકારની કાર્યવાહી કરે છે તે પર સૌની નજર છે. પરંતુ બીજી બાજુ, પારદર્શકતા જાળવવાની જગ્યાએ માહિતી બહાર લાવનારને જ ટાર્ગેટ કરાતા તંત્રની નીતિ પર સવાલો ઊભા થઈ રહ્યા છે.આ સમગ્ર પ્રકરણમાં સાચું શું અને ખોટું શું તે બહાર આવવું જરૂરી છે, પરંતુ હાલ સ્થિતિ એવી છે કે ખર્ચ કરતા વધુ ચર્ચા હવે "કોણે માહિતી લીક કરી?" પર થઈ રહી છે.

## પૂર્વ મેયરના બાંધકામ ઉપર કાર્યવાહી કેમ નહીં



## બિલ કૌભાંડની તપાસમાં ભીનુ સંકેલવાની ચાલ

## રેલવેનો નવો નિયમઃ ડિજિટલ ટિકિટના દુરૂપયોગ રોકવા પગલું

# વોટ્સએપ મારફત આવેલી ટ્રેનની ટિકિટ માન્ય રહેશે નહીં !




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતીય રેલ્વેએ ડિજિટલ ટિકિટના દુરુપયોગને અસરકારક રીતે રોકવા માટે તેના નિયમો સ્પષ્ટ કર્યા છે. રેલ્વે વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલી નવી માર્ગદર્શિકા અનુસાર, મોબાઇલ ટિકિટ સાથે મુસાફરી કરતા મુસાફરો માટે ફક્ત સત્તાવાર એપ્લિકેશનમાં પ્રદર્શિત ટિકિટ જ માન્ય ગણવામાં આવશે. સ્ક્રીનશોટ, ફોટા, પીડીએફ અથવા વોટ્સએપ દ્વારા મોકલવામાં આવેલી નકલો કોઈપણ સંજોગોમાં મુસાફરી માટે સ્વીકારવામાં આવશે નહીં. ડિજિટલ ટિકિટ ફક્ત ત્યારે જ માન્ય માનવામાં આવે છે જો તે ચોક્કસ મોબાઇલ ઉપકરણ અને તેને જનરેટ કરવા માટે ઉપયોગમાં લેવાતા રજિસ્ટર્ડ નંબર પર ઉપલબ્ધ હોય. આ નિયમને અવગણવામાં આવ્યો હોવાનો તાજેતરનો કિસ્સો કોરબા-વિશાખાપટ્ટનમ લિંક એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૮૫૧૭) પર બન્યો. SouthAsians & કોરબાથી રાયપુર જતી એક મહિલા મુસાફરને આ નિયમ અંગે જાગૃતિના અભાવે દંડ ભરવો પડ્યો. જ્યારે ટીટીઈ (ટ્રાવેલિંગ ટિકિટ એક્ઝામિનર) એ ટિકિટ માંગી, ત્યારે કુમારી અંકિતા (નામ બદલ્યું છે) એ તેના ભાઈ દ્વારા 'રેલ વન' એપ્લિકેશન દ્વારા બુક કરાયેલ ટિકિટનો વોટ્સએપ સ્ક્રીનશોટ બતાવ્યો. બારીકાઈથી નિરીક્ષણ કર્યા પછી, ટીટીઈને જાણવા મળ્યું કે ટિકિટ સાંજે ૪:૪૫ વાગ્યે જનરેટ થઈ હતી, જ્યારે ટ્રેન કોરબા સ્ટેશનથી સાંજે ૪:૧૦ વાગ્યે ઉપડી ગઈ હતી. વધુમાં, ટિકિટ મુસાફરના પોતાના રજિસ્ટર્ડ મોબાઇલ ડિવાઈસ પર ઉપલબ્ધ નહોતી. સ્ક્રીનશોટને સંપૂર્ણપણે અમાન્ય જાહેર કરીને, રેલવેએ નિયમો અનુસાર દંડ ફટકાર્યો.

રેલ્વેએ મુસાફરોને સલાહ આપી છે કે ટિકિટ-ચેકિંગ સ્ટાફ કોઈપણ સમયે 'રેલ વન' એપમાં સીધી ટિકિટ ચકાસી શકે છે; તેથી, મુસાફરોએ હંમેશા એપ ધરાવતું મોબાઇલ ડિવાઈસ સાથે રાખવું જોઈએ. ડિજિટલ ટિકિટ સંપૂર્ણપણે મોબાઇલ ડિવાઈસ પર આધાર રાખે છે, તેથી મુસાફરોએ ખાતરી કરવી જોઈએ કે ટિકિટ નિરીક્ષણ દરમિયાન કોઈપણ સમસ્યા ટાળવા માટે તેમના ફોન પર્યાપ્ત ચાર્જ થયેલ છે. વધુમાં, ફક્ત બીજા મુસાફરને ટિકિટનો ફોટો મોકલવો મુસાફરી માટે પૂરતો નથી. મુસાફરોએ તેમની મુસાફરી શરૂ કરતા પહેલા સ્ટેશનનું નામ અને તારીખ જેવી વિગતોની ચોકસાઈ - જેમ કે સ્ટેશનનું નામ અને તારીખ વ્યક્તિગત રીતે ચકાસવી જોઈએ, કારણ કે ખોટી માહિતી ધરાવતી ટિકિટ ટિકિટ તપાસ દરમિયાન નોંધપાત્ર ગૂંચવણો તરફ દોરી શકે છે. જો કે, આ નિયમ અનામત ટિકિટો પર લાગુ પડતો નથી, કારણ કે તે કિસ્સાઓમાં પેસેન્જર આઈડી ચકાસવામાં આવે છે.

અહેવાલ મુજબ, રાયપુર ડિવિઝનના સિનિયર ડીસીએમ અવધેશ કુમાર ત્રિવેદીએ ડિજિટલ ટિકિટના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા સ્પષ્ટ કરી છે. તેમણે જણાવ્યું હતું કે 'રેલ વન' એપ દ્વારા જનરેટ કરાયેલ અનરિઝર્વ્ડ ટિકિટ એ ચોક્કસ મોબાઇલ ડિવાઈસ પર હાજર હોવી જોઈએ જ્યાં એપ રજીસ્ટર થયેલ છે; બીજા મોબાઇલ ડિવાઈસ પર મોકલવામાં આવેલ ફોટો અથવા કોપી સંપૂર્ણપણે અમાન્ય ગણવામાં આવશે. વધુમાં, નિરીક્ષણ દરમિયાન એપમાં ઉપલબ્ધ વાસ્તવિક ડિજિટલ ટિકિટ જ રજૂ કરવી આવશ્યક છે; ટિકિટના માન્ય વિકલ્પ તરીકે વોટ્સએપ કોપી, સ્ક્રીનશોટ અથવા પીડીએફ સ્વીકારવામાં આવશે નહીં. મુસાફરી શરૂ થાય તે પહેલાં ટિકિટ ખરીદવી ફરજિયાત છે. ખાસ કરીને, સ્ટેશનથી ટ્રેન રવાના થાય તે પહેલાં. ટ્રેન ચાલવાનું શરૂ કર્યા પછી કરવામાં આવેલ કોઈપણ ડિજિટલ બુકિંગ માન્ય રહેશે નહીં. વધુમાં, ટિકિટની અધિકૃતતા ચકાસવા માટે, મુસાફર પાસે બુકિંગ માટે ઉપયોગમાં લેવાતું તે જ મોબાઇલ ડિવાઇસ હોવું આવશ્યક છે અને તેની પાસે સંકળાયેલ રજિસ્ટર્ડ મોબાઇલ નંબરની વિગતો પણ હોવી આવશ્યક છે.



## ઈરાન અમેરિકા યુધ્ધ વિરામ ખતમ : ટ્રમ્પનું એલાન

# યુધ્ધ ફરી ‘ભભૂક્યું’

# શેરબજાર ‘લોહીલુહાણ’!

## NATO સમિટમાં ટ્રમ્પે કહ્યું ઈરાનમાં 80 ઠેકાણાઓ પર તબાહી બાદ હવે કોઈ ડીલ નહીં

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે NATO સમિટ દરમિયાન કહ્યું કે ઈરાન સાથે થયેલો યુદ્ધવિરામ કરાર (MoU) હવે સમાપ્ત થઈ ગયો છે અને હવે તેઓ ઈરાન સાથે કોઈ ડીલ કરવા માંગતા નથી. ટ્રમ્પે કહ્યું, અમે ગઈ રાત્રે ઈરાન પર જોરદાર હુમલો કર્યો. ખતરનાક લોકોને ટાર્ગેટ કર્યા. દરેક વખતે તેઓ હુમલો કરશે, અમે જવાબ આપીશું. તેમણે કહ્યું કે અમેરિકાનો ટાર્ગેટ ઈરાનના પરમાણુ કાર્યક્રમને સમાપ્ત કરવાનો છે. ટ્રમ્પે નાટો પર પણ નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ગઠબંધને "દુનિયાના સૌથી મોટા આતંક સમર્થક દેશ ઈરાન" વિરુદ્ધ અમેરિકાનો સાથ આપ્યો નથી.

આ પહેલા અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ જણાવ્યું હતું કે તેણે ઈરાનના ૮૦થી વધુ સૈન્ય ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી છે. અમેરિકાના મતે, આ કાર્યવાહી હોર્મુઝમાં જહાજો પર થયેલા હુમલાઓના જવાબમાં કરવામાં આવી હતી.

ખામેનીના અંતિમ સંસ્કાર વચ્ચે ઈરાને હોર્મુઝમાં ૩ ટેન્કરોને નિશાન બનાવ્યા, જેમાં એક ટેન્કર કતરનું હતું. ઈરાને ચેતવણી આપી કે અમારી તરફથી નક્કી કરાયેલા રૂટનો ઉપયોગ ન થવા પર સુરક્ષાની ગેરંટી રહેશે નહીં.

કતરે હોર્મુઝમાં તેના જહાજ પરના હુમલાની નિંદા કરતા ઈરાનને કાયદેસર રીતે સંપૂર્ણપણે જવાબદાર ઠેરવ્યું. સાથે જ કહ્યું કે ઈરાની હુમલા આંતરરાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા માટે ખતરો છે.

યુરોપિયન યુનિયન એવિએશન એજન્સીએ પ્રાદેશિક તણાવને ધ્યાનમાં રાખીને એરલાઈન્સને ઈરાન, ઈરાક અને લેબનોનના હવાઈ ક્ષેત્રથી બચવાની સલાહ આપી છે. જારી કરાયેલા નિર્દેશમાં જણાવાયું છે કે આ એડવાઈઝરી હાલમાં ૩૧ ઓગસ્ટ સુધી લાગુ રહેશે, જોકે, જરૂર પડ્યે તેની પહેલા પણ સમીક્ષા કરી શકાય છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સાથેના MoUને સમાપ્ત જાહેર કર્યા બાદ બ્રેન્ટ ક્રૂડ લગભગ ૬% વધીને ૭૮ ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયું. તે જ સમયે, યુરોપિયન શેરબજારોમાં ૧.૬%નો ઘટાડો નોંધાયો. નિષ્ણાતોનું માનવું છે કે રોકાણકારોને ડર છે કે અમેરિકા-ઈરાન તણાવ ફરી વધવાથી મોંઘવારી અને ઊર્જા પુરવઠા પર અસર પડી શકે છે.



## ભારતીય શેરબજારમાં કડાકો : 2000 પોઈન્ટ તૂટ્યું

### ક્રૂડ ઓઈલના ભાવમાં 6%નો વધારો

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ સમાપ્ત થવાની જાહેરાત થયા બાદ બુધવારે સેન્સેક્સ ૨૦ મિનિટમાં ૧000 પોઈન્ટ ગગડી ગયો. બપોરે ૧ વાગ્યે ને ૪૦ મિનિટે તે ૭૭,૭૦૦ હતો. ૨ વાગ્યે ૧000 પોઈન્ટ ઘટીને ૭૬૭૦૦ પર આવી ગયો. હાલ તે ૧૮૦૦ પોઈન્ટ ઘટીને ૭૬૩00 પર છે. જ્યારે નિફ્ટીમાં પણ લગભગ ૫૦૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો છે, તે ૨૩,૯૦૦ના સ્તરથી પણ નીચે આવી ગયો છે. તમામ સેક્ટર્સ લાલ નિશાનમાં કારોબાર કરી રહ્યા છે. બેંક અને FMCG શેરોમાં સૌથી વધુ ઘટાડો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી શરૂ થયેલી તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવ ૬% વધીને ફરી ૭૫ ડોલરની નજીક પહોંચી ગયા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેમને લાગે છે કે ઈરાન સાથે થયેલો કરાર હવે સમાપ્ત થઈ ગયો છે. અમે ગઈ રાત્રે ઈરાન પર અત્યંત શક્તિશાળી હુમલો કર્યો. આ પહેલા ગઈકાલે એટલે કે ૭ જુલાઈએ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧૦૪ પોઈન્ટના ઘટાડા સાથે ૭૮,૧૮૧ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ ૩૨ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો.

## સ્ટેન્ડિંગ કમિટીમાં 2.68 કરોડના વિકાસકામો મંજૂર

# મહાપાલિકા ‘ઝાડ’ વાવશે!

## ગ્રીન રાજકોટ માટે 66.50 લાખના ખર્ચે 72 હજાર વૃક્ષો રોપવાનો નિર્ણય

## ચોમાસામાં ઓફિસે આવતા પહેલા અધિકારીઓને પોતાના વોર્ડની મૂલાકાત લેવા મેયરનો આદેશ

## માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટને 4 વર્ષ સુધી વૃક્ષોની જાળવણી અને ઉચ્છેરની જવાબદારી સોંપવામાં આવી : સ્ટે. ચેરમેન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મનપા કચેરી ખાતે આજે ૮ જુલાઈ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. જોકે માત્ર ત્રણ દરખાસ્તો સાથેની આ બેઠક નિરસ રહી હતી. બેઠકમાં શહેરના વિકાસ અને પર્યાવરણને લગતી દરખાસ્તો પર ચર્ચા-વિચારણા કર્યા બાદ રૂ. ૨.૬૮ કરોડથી વધુના ખર્ચની બે દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં પર્યાવરણની જાળવણી અને શહેરને હરિયાળું બનાવવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત મનપાના વિવિધ પ્લોટ ઉપરાંત લાયન સફારી પાર્કની આસપાસના વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. રૂ. ૬૬.૫૦ લાખથી વધુના ખર્ચે ૭૨ હજાર કરતા વધુ વૃક્ષો રોપવાનો નિર્ણય લેવાયો છે.



આ વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત રૂ. ૬૬.૫૫ લાખના ખર્ચે ૭૨,૦૦૦ કરતા વધારે વૃક્ષોનું વાવેતર કરવાની દરખાસ્તને બહાલી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટના આંકડાકીય વિશ્લેષણ તરફ નજર કરીએ તો, ૭૨,૦૦૦ વૃક્ષો વાવવા પાછળ રૂ. ૬૬.૫૫ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે, જેનો અર્થ એ થાય છે કે મહાનગરપાલિકા દ્વારા એક વૃક્ષના ઉછેર અને વાવેતર પાછળ સરેરાશ રૂ. ૯૨.૪૩ જેટલો અંદાજિત ખર્ચ કરવામાં આવશે. આ આયોજન પાછળ માત્ર વૃક્ષો વાવવાનો જ નહીં, પરંતુ તેના લાંબા ગાળાના ઉછેરનો એંગલ પણ સામેલ રાખવામાં આવ્યો છે.

રાજકોટમાં ચોમાસાની શરૂઆત થતાં જ રોડ-રસ્તા પર સર્જાયેલી સમસ્યાઓને પગલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક બાદ મેયર ડો. નેહલ શુકલએ કમિશનર તુષાર સુમેરાની હાજરીમાં તમામ ડેપ્યુટી કમિશનરો, આસિસ્ટન્ટ કમિશનરો અને શાખા અધિકારીઓ સાથે એક મહત્વની બેઠક યોજી હતી. બેઠકમાં ચોમાસાની ઋતુ દરમિયાન શહેરીજનોને હાલાકી ન ભોગવવી પડે તે માટે મેયરે તમામ અધિકારીઓને ઓફિસે આવતા પહેલા પોતાના તાબા હેઠળના વોર્ડમાં આંટો મારી, સમસ્યાનો નિકાલ કરીને જ ઓફિસે આવવાનો કડક આદેશ આપ્યો છે. પર્યાવરણને નવું જીવન આપવા માટે આ વખતે મનપા દ્વારા આધુનિક પદ્ધતિનો સહારો લેવામાં આવ્યો છે. કુલ ૭૨,૦૦૦ વૃક્ષોમાંથી ૬૮,૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર જાપાનીઝ ’મિયાવાકી પદ્ધતિ’થી કરવામાં આવશે. આ પદ્ધતિની ખાસિયત એ છે કે તેનાથી ખૂબ ટૂંકા ગાળામાં ગીચ જંગલ તૈયાર કરી શકાય છે અને છોડનો વિકાસ સામાન્ય કરતાં ઘણો ઝડપી થાય છે. આ સિવાય અન્ય ૪,૦૦૦ વૃક્ષો પરંપરાગત અને નિયમિત પદ્ધતિથી રોપવામાં આવશે, આમ કુલ મળીને ૭૨,૦૦૦ વૃક્ષોથી રાજકોટના પર્યાવરણને હરિયાળું બનાવવામાં આવશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું કે, આજની બેઠકમાં કુલ ૩ દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. જેમાં પ્રથમ દરખાસ્ત ફાયર બ્રિગેડના સાપ્તાહિક રિપોર્ટ અંગેની હતી, જ્યારે બીજી મહત્વની દરખાસ્ત રાજકોટ શહેરના જુદા જુદા ટીપી સ્કીમના પ્લોટો તેમજ લાયન સફારી પાર્ક ખાતે આવેલી ખુલ્લી જગ્યાઓમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવા બાબતની હતી. આ ઉપરાંત ત્રીજી દરખાસ્ત માધાપર ખાતે આવેલા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)ની મેઈન્ટેનન્સની કામગીરી આપવા અંગેની હતી. આ બેઠકમાં કોઈ પણ પ્રકારની અર્જન્ટ દરખાસ્ત લાવવામાં આવી નહોતી અને નિયમિત દરખાસ્તોને યોગ્ય ચર્ચા બાદ મંજૂરી આપી દેવાઈ છે. વૃક્ષોની પસંદગી અંગે વિગત આપતા પરેશ પીપળીયાએ ઉમેર્યું હતું કે, મિયાવાકી પદ્ધતિમાં એવા વૃક્ષો પસંદ કરાશે જે ઝડપથી જંગલ જેવું સ્વરૂપ ધારણ કરી શકે અને જેની વૃદ્ધિ ખૂબ જ ઝડપી હોય. આ વૃક્ષો સ્થાનિક વાતાવરણને અનુકૂળ હોય તેવા જ રાખવામાં આવશે. માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ નામની સંસ્થાને આગામી ૪ વર્ષ સુધી વૃક્ષોની જાળવણી અને ઉછેરની જવાબદારી સોંપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.



## ગુજરાત કોંગ્રેસના પ્રભારી વાસનિક રાજકોટમાં

# કોંગ્રેસનો ડબલ અટેક; રામ મંદિર અને ખેડૂતોના મુદ્દે સરકારને ઘેરી



## રામ મંદિરમાં લૂંટની જવાબદારી PM મોદીએ લેવી જોઈએ



રામ મંદિર અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા મુકુલ વાસનિકે જણાવ્યું કે, રામ મંદિરનો શિલાન્યાસ, ઉદ્દઘાટન અને નિર્માણ આ તમામ બાબતોનું પૂરું શ્રેય જો વડાપ્રધાન લેતા હોય તો ત્યાં જો કોઈ લૂંટ થઈ હોય તો તેની જવાબદારી પણ વડાપ્રધાન સિવાય અન્ય કોઈના પર નાખવી શું યોગ્ય ગણાશે? તેમણે વડાપ્રધાન પાસે માગ કરી છે કે તેમણે દેશની જનતાને જણાવવું જોઈએ કે રામ મંદિરમાં આ પ્રકારની લૂંટ કેવી રીતે થઈ? આ સાથે જ તેમણે ટકોર કરી કે સરકારે માત્ર નાના લોકો સામે નહીં પરંતુ 'મોટી માછલીઓ' (મુખ્ય સૂત્રધારો) પર હાથ નાખવાની હિંમત બતાવવી જોઈએ. જ્યારે પત્રકારે પૂછ્યું કે 'શું ચંપત રાયને બચાવવામાં આવી રહ્યા છે?', ત્યારે વાસનિકે ટૂંકમાં કહ્યું કે, "આ બાબત મારા કરતાં વધુ સારી રીતે તમે (મીડિયા) જાણો છો."

## ખેડૂતોને પાકના ભાવ ન મળતા આત્મહત્યા કરવા મજબૂર



રાજકોટમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. રામ મંદિર અને ખેડૂતોના મુદ્દે મીડિયા સાથે વાતચીત કરતા તેમણે સરકારની નીતિઓ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. હાલ રાજ્યના ખેડૂતો ટેકાના ભાવ મુદ્દે આત્મહત્યા કરી રહ્યા છે ત્યારે તેના માટે ભાજપ સરકાર જવાબદાર છે. આ તકે તેમણે એમ. એસ. સ્વામીનાથનને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા પરંતુ ખેડૂતોના પાકના ભાવ માટે તેમને જે ફોર્મ્યુલા સૂચવી હતી તે ફગાવી દેવામાં આવી હોવાનું જણાવી ભાજપ સરકારની નીતિ સામે સવાલો ઉઠાવ્યા હતા.

ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે, વડાપ્રધાનથી લઈને તેમના તમામ સાથીઓ સતત ખેડૂતોની આંખોમાં ધૂળ ઝોંકવાનું કામ કરી રહ્યા છે. જ્યારે પણ વિધાનસભાની ચૂંટણીઓ આવે છે, ત્યારે ખેડૂતોને પાકના લઘુત્તમ ભાવ (MSP) અંગે વડાપ્રધાન પોતે મોટા-મોટા નિવેદનો આપે છે, પરંતુ ચૂંટણી પૂરી થતાં જ તેઓ બધું ભૂલી જાય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, "એમ.એસ. સ્વામીનાથનને ભારત રત્નથી સન્માનિત તો કરવામાં આવ્યા પરંતુ ખેડૂતોના પાકના ભાવ માટે તેમણે જે ફોર્મ્યુલા ભારત સરકાર સમક્ષ રજૂ કર્યો હતો તેને મોદી સરકારે સંપૂર્ણપણે ફગાવી દીધો છે. આજે માત્ર સૌરાષ્ટ્ર જ નહીં, પણ સમગ્ર ગુજરાતનો ખેડૂત પરેશાન છે. જો ગુજરાતમાં ખેડૂતો આત્મહત્યા કરવા મજબૂર બનતા હોય, તો પરિસ્થિતિ કેટલી ભયંકર છે તે આપણે સમજી લેવું જોઈએ.

**લોકોમાં રોષઃ આ આફત માટે જવાબદાર ભ્રષ્ટ અધિકારીઓને સ્ટીલના કીડા પડે**

# સુરતમાં પાણી ઉતર્યું, ગૂસ્સો ફાટ્યો વેપારીઓ રોડ પર, નેતાઓ ગાયબ





## 18 ઈંચ વરસાદથી સુરત બેહાલ કરોડોનું નુકસાન

### ભ્રષ્ટ અધિકારીઓ અને એમના પરિવારને સ્ટીલના કીડા પડેઃ વેપારી મહેશ ગઢિયા



10 મિનિટમાં એટલું પાણી આવી ગયું કે શટર બંધ કરવાનો સમય ન મળ્યોઃ મોબાઈલનાં વેપારી

વરાછા ઝોનમાં ફોન કર્યો તો કહ્યું– પાણી કાઢવાનું અમારામાં ન આવે, તમારે જાતે કાઢવું પડેઃ વિજયભાઈ



### 24 કલાક પાણીમાં પસાર કરનારી મહિલાના આંસુ છલકાઈ આવ્યા

બધુ ઝીરો થઈ ગયું છે, જાણે મરવાનો દિવસ આવી ગયો હોયઃ વેપારી કાળુભાઈ પુરોહિત

ચૂંટણી ટાણે નેતાઓ મત લેવા આવે છે પણ અત્યારે કોઈ ફરકતા નથીઃ કલ્પનાબેનની વ્યથા

" પૂર આવતા સ્થાનિક કોર્પોરેટરો ભુગર્ભમાં ઉતરી ગયાઃ ડાહ્યાભાઈ

" લોકો પાણીમાં હતા અને લાખોનો પગાર લેતા અધિકારીઓ ગાયબઃ દિલીપભાઈ

" બરોડા પ્રિસ્ટેજ માર્કેટની 500 દુકાનમાં પાણી ઘૂસતા કરોડોનું નુકસાન

## સુરતમાં પ્રજા પૂરમાં હતી કોર્પોરેટરો પાર્ટી કરતા'તા



સુરતમાં ભારે વરસાદ અને જળબંબાકારની સ્થિતિ વચ્ચે નાગરિકો મુશ્કેલીમાં મુકાયા હતા, ત્યારે કેટલાક કોર્પોરેટરની નાસ્તા પાર્ટીના વીડિયો સામે આવતા ટીકા થઈ રહી છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોને લઈને લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વીડિયોમાં સુરતના વોર્ડ નંબર-૨ના કોર્પોરેટર મનુ બલર સ્થાનિક કાર્યકરો સાથે ગાંઠિયાનો નાસ્તો કરતા જોવા મળે છે. વીડિયોમાં ભાજપના નેતા ધીરુ માંગરોળિયા પણ તેમની સાથે વાતચીત કરતા નજરે પડે છે. આ વીડિયો તે સમયનો હોવાનું કહેવાઈ રહ્યું છે જ્યારે શહેરના અનેક વિસ્તારોમાં લોકો વરસાદી પાણી વચ્ચે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. કોર્પોરેટર મનુ બલરે વીડિયો ગઈકાલે સવારનો હોવાની કબૂલાત કરી છે.

### ડોકટર્સ અને કંપનીઓની ગુપ્ત સિન્ડિકેટ

# દવાઓમાં મોંઘવારી નહીં, લૂંટ ફાર્મા કંપની-હોસ્પિટલો વચ્ચે સાંઠગાંઠ ?


## હોસ્પિટલની બાજુમાં મેડિકલ સ્ટોર્સમાં પણ ડોક્ટરો ભાગીદાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કંપનીઓ અને હોસ્પિટલ્સ સાથે મળીને દર્દીઓને સારવાર દરમિયાન આપવામાં આવતી દવાઓની કિંમત પણ અતિશય ઊંચી લગાડીને લૂંટ ચલાવી રહી છે. એક સગર્ભા મહિલાને અમદાવાદના માદલપુર વિસ્તારમાં હોસ્પિટલ ધરાવતા ગાયનેકોલોજિસ્ટે લખી આપેલી દવા કેમિસ્ટની દુકાનમાં જઈને ખરીદી તો એક જ વારની દવાના બિલમાં Rs. ૬૦૦૦ જેટલો ફરક આવ્યો હતો. તેમણે જે દવાના Rs. ૧૫૦૦૦માં મળતા હતા તે દવા બહારના કેમિસ્ટ પાસે લેતા રૂ. ૫૫૦૦થી ૬૦૦૦નો ફરક આવ્યો હતો. આ ડૉક્ટર હોસ્પિટલ્સના રૂમની બાબતમાં પણ રૂમદીઠ રૂ. ૬૦૦૦થી ૮૦૦૦નો ચાર્જ વસુલી રહ્યા છે. આ સ્થિતિ એકાદ હોસ્પિટલની નથી. અમદાવાદ અને ગુજરાતની દરેક હોસ્પિટલમાં દર્દીઓને લૂંટવાના આ જ ખેલ ચાલી રહ્યો છે. ડિસ્કાઉન્ટના નામે લૂંટાતી પ્રજાને રોકવી હોય તો સરકાર દ્વારા માર્જીનની વ્યાખ્યા કડક અમલ કરે તો જ લૂંટાતી બંધ થશે.

તમને વાંચીને આશ્ચર્ય થશે કે હોસ્પિટલમાં સારવાર લેવા જતા દર્દીઓને આપવામાં આવતી હોસ્પિટલની સ્પેશિયાલિટીની કેટેગરી પ્રમાણેની ચોક્કસ દવાઓ તેની પરિસરના બે ત્રણ કિલોમીટરના વિસ્તારમાં સક્રિય કેમિસ્ટોને ત્યાં તે દવા મળતી જ નથી. આ રીતે કંપનીઓ ડૉક્ટર્સને સ્પેશિયાલિટી દવાની જે તે વિસ્તારમાં મોનોપોલી ઊભી કરી આપે છે. આસપાસમાં દવા ન મળતી હોવાથી દર્દીના સ્વજનોએ હોસ્પિટલ્સના સ્ટોર્સમાંથી જ મને કે કમને તેની ખરીદી કરવી પડે છે.

દર્દીઓના બિલમાં ઘણીવાર દવાઓ અલગથી દર્શાવવામાં આવતી નથી. તેને હોસ્પિટલના સારવાર ખર્ચમાં જ સમાવી લેવામાં આવે છે. હોસ્પિટલ્સના સ્ટોર ચાલકો મોટા માર્જિનવાળી દસથી વીસ દવાઓ રાખી બાકીની ૫૦થી ૬૦ ટકા માર્જિનવાળી દવાઓ રાખીને દર્દીઓને લૂંટી રહ્યા છે. ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડરમાં હોલસેલર અને રિટેઈલરના નક્કી કરી આપવામાં આવેલા માર્જિન મુજબ દવાનું ઉત્પાદન કરતી કંપનીઓને તેના માર્જિન નક્કી




**દવાની મૂળ કિંમત અને વેચાણ ભાવની ટકાવારી**

| દવાનું નામ | એમઆરપી | સબસિડી ભાવ | ભાવ કુલ ફરક |
|---|---|---|---|
| બિસપ્રોલોલ-પીર | રૂ. ૨૩૫.00 | રૂ. ૧૯.૩૮ | રૂ. ૨૧૯.૬૨ |
| વેનુપ્રિન ફીમો ૫૦ | રૂ. ૧૫૮.00 | રૂ. ૧૧.૮૮ | રૂ. ૧૪૬.૧૨ |
| ડેકા ગેબિનોલ-૨૫એમજી | રૂ. ૨૦૩.૪૪ | રૂ. ૦૮.૨૪ | રૂ. ૧૮૪.૨૦ |
| આયરોસેમ આઈટી કેપ. | રૂ. ૧૮૧.૦૮ | રૂ. ૧૭.૦૪ | રૂ. ૧૬૪.૦૪ |
| વાલ્સ્કોન ૧૦૦ | રૂ. ૩૮૪.૩૮ | રૂ. ૧૬.૨૫ | રૂ. ૩૦૮.૧૩ |
| વાલ્સ્કોન ૫૦ | રૂ. ૩૬૭.૫૦ | રૂ. ૪૧.૨૪ | રૂ. ૩૨૬.૨૬ |
| ઝિગોટીન-૫૦-૫૦૦ | રૂ. ૨૧૮.૩૮ | રૂ. ૧૮.૩૮ | રૂ. ૨૦૦.૦૦ |
| ઓડોવાસ ગોલ્ડ ૨૦એમજી. | રૂ. ૧૧૦.૬૩ | રૂ. ૧૮.૩૮ | રૂ. ૯૨.૨૫ |

કરી લીધા પછી હોલસેલર્સના ૧૦ ટકા અને રિટેલર્સના ૨૦ ટકા ચઢાવીને જ મહત્તમ વેચાણ કિંમત છાપવી જોઈએ. માર્જિન હંમેશા ખરીદ કિંમતમાં જ રાખી દે તો ચારી થતી અટકી શકે છે.

હોસ્પિટલના સ્ટોરમાંથી દર્દીઓને સારવાર દરમિયા હોસ્પિટલ્સ દ્વારા સીધી આપવામાં આવતી દવાઓમાં જીએસટીની પણ બેફામ ચોરી કરવામાં આવી રહી છે. તેમાં કેટલીકવાર તો દવાના સેમ્પલ્સ (જેના પર લખેલું હોય છે કે નોટ ફોર સેલ)નો ખાસ્સો ઉપયોગ કરી લેવામાં આવે છે. આ સદંતર એક ગેરકાયદે વેચાણ છે. છતાંય ચાલે છે. જીએસટીની તેમાં પણ મોટી ચોરી છે. તેના થકી થતી આવક ઈન્કમટેક્સમાં બતાવે છે કે નહિ તે પણ એક મોટો સવાલ છે. હોસ્પિટલ્સમાં ચાલતા સ્ટોર્સમાં મોટા માર્જીનવાળી દવાઓમાં જ મેક્સિમમ વેચાણ થતું હોવાનું સામાન્ય રીતે જોવા મળે છે. તેથી હોસ્પિટલ્સમાં થતાં દવાના વેચાણમાંથી થતી જીએસટી અને આવકવેરાની ચોરી બહુ ધ્યાનમાં આવતી નથી. આવકવેરા કચેરી તપાસ કરે તો એક જ વર્ષમાં હોસ્પિટલ્સની કરોડોની વેચાણની ચોરી પકડાઈ શકે છે.

આજે હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીઓને દવાઓના બિલમાં રીતસરના ખંખેરવામાં આવી રહ્યા છે, જેના કેટલાક ચોંકાવનારા ઉદાહરણો સામે આવ્યા છે. ખાસ કરીને હૃદય રોગના ગંભીર દર્દીઓને સાકુબિટ્રીલ (Sacubitril) અને વાલ્સા ટન (Valsartan) જેવી મોંઘી દવાઓમાં મોટા પ્રમાણમાં લૂંટવામાં આવે છે. આ જ રીતે, ડાયાબિટીસના દર્દીઓ માટે અત્યંત જરૂરી એવી ગ્લિમીપ્રાઈડ (Glimepiride), પાયોગ્લિટોઝોન (Pioglitazone) અને મેટફોર્મિન (Metformin) ના ઘટકો ધરાવતી દવાઓ પર પણ મનફાવે તેમ ઊંચી એમઆરપી (MRP) છાપી દેવામાં આવે છે. પરિણામે, હોસ્પિટલમાં દાખલ દર્દીઓ મજબૂરીમાં આ મોંઘી દવાઓ ખરીદવા મજબૂર બને છે.

ખૂબ જ સામાન્ય ગણાતી કોલેસ્ટ્રોલની સમસ્યા માટે હોસ્પિટલમાં એડમિટ થયેલા દર્દીઓ પણ આ લૂંટમાંથી બચી શકતા નથી. તેમને આપવામાં આવતી એટોર્વાસ્ટેટિન (Atorvastatin), એસ્પિરિન (Aspirin) અને ક્લોપિડોગ્રેલ (Clopidogrel) ના સાયન્ટિફિક ઘટકોથી બનતી હજારો બ્રાન્ડેડ દવાઓના બિલ એટલા મોટા બનાવવામાં આવે છે કે સામાન્ય માણસની કમર તૂટી જાય. વાસ્તવમાં, ફાર્મા કંપનીઓ જે-તે હોસ્પિટલમાં જે રોગની સારવાર વધુ થતી હોય, તે પ્રમાણે પોતાની દવાઓનું વેચાણ સેટ કરવા માટે હોસ્પિટલ સ્ટોર્સના માલિકોને મસમોટી ઓફરો અને કમિશન આપીને ખુશ રાખે છે. આ આખી સિન્ડિકેટ એટલા માટે સફળ થાય છે કારણ કે મોટાભાગની હોસ્પિટલોમાં ચાલતા આ મેડિકલ સ્ટોર્સ ખુદ હોસ્પિટલના પ્રમોટર્સ કે માલિકોની જ માલિકીના હોય છે, જેથી દર્દીઓ ઈચ્છવા છતાં પણ આ છેતરપિંડીમાંથી બહાર નીકળી શકતા નથી.

### ડિસ્કાઉન્ટના નામે મોટો દંભ


આ હોસ્પિટલ્સના સ્ટોર્સમાં વેચાતી દવાઓ પર પણ કંપનીઓ બેફામ એમ.આર.પી. છાપી રહી છે. દવાઓના કિસ્સામાં માત્ર ને માત્ર હોસ્પિટલ્સના સ્ટોરમાં જ તે દવાઓ મળતી હોય છે. પરિણામે ડૉક્ટરની સીધી સંડોવણી તેમાં પ્રસ્થાપિત થતી નથી. માત્ર તેમના પ્રિસ્ક્રિપ્શનમાં સામ્યતા જોવા મળે છે. હા, હોસ્પિટલમાં ચાલતા સ્ટોરની માલિકી પણ હોસ્પિટલના માલિકોની જ હોવાથી તેમાં ગરબડ થઈ હોવાનું પ્રસ્થાપિત થઈ શકે છે. તેમાં પાંચ દસ ટકા ડિસ્કાઉન્ટ આપીને હોસ્પિટલ્સના સત્તાવાળાઓ દર્દીઓને રાહત આપતા હોવાનો ડોળ કરે છે. વાસ્તવમાં દવા પર છાપેલા ભાવ હોસ્પિટલ્સને આપવામાં આવતા સપ્લાયના ભાવ કરતાં ૫૦૦થી ૧૦૦૦ ટકા કે કેટલાક કિસ્સાઓમાં તેનાથી પણ વધારે હોય છે. તેમાં હોસ્પિટલ્સે આપેલા દવાના ઓર્ડર સામે ખાસ્સી દવાઓ ફ્રીમાં આપવાની સ્કીમ મૂકીને દર્દીઓને છેતરવામાં આવી રહ્યા છે.


## રામ મંદિર જમીન કૌભાંડનો ધડાકોઃ સંજયસિંહ પાસે 11 સોદાના પુરાવા, SIT પાસે સમય માંગ્યો

# રામ મંદિરના નામે મહાકૌભાંડ 1.73 કરોડની જમીન 29.67 કરોડમાં ખરીદાઈ !



SIT અધ્યક્ષને ઈ-મેઈલ કર્યોઃ ગેરરીતિઓનો પર્દાફાશ કરવા વધારાના પુરાવાઓ મારી પાસેઃ સંજયસિંહ



| | |
|---|---|
| वर्ष | |
| लेखपत्र संख्या | 2023 |
| खंड संख्या | 12424 |
| | 10823 |
| जनपद | |
| उप निबंधक | अयोध्या |
| वार्ड/ परगना | सदर |
| मोहल्ला/ग्राम | हवेली अवध |
| | शाहनेवाजपुरमांझा |
| भूमि का प्रकार | |
| खसरा /मकान /गाटा संख्या | कृषि |
| भूमि की अवस्थिति | 25 |
| भूमि की इकाई | गाटा संख्या 25 |
| क्षेत्रफल | हैक्टेयर |
| स्वामित्व का अंश | 0.788 |
| स्वामित्व के विक्रीत अंश | 0 |
| बाजारी मूल्य | 0 |
| प्रतिफल | रु. 17313000 |
| स्टाम्प शुल्क | रु. 296760800 |
| निष्पादन की तिथि | रु.20773256 |
| पंजीकरण की तिथि | 16 NOV 2023 |
| | 16 NOV 2023 |
| नाम | तन्वी बंसल |
| पिता/माता/पति का नाम | मनीष बंसल |
| पता | 123 झारखंडी पोस्ट रिकाबगंज परगना हवेली |
| नाम | आलोक बंसल |
| पिता/माता/पति का नाम | स्व श्याम नारायन बंसल |
| पता | 123 निवासी झारखंडी पोस्ट रिकाबगंज पर |
| नाम | शिवदास सिंह |
| पिता/माता/पति का नाम | त्रिभुवन सिंह |
| पता | महौर का पुरवा पोस्ट आराजी देवारा करखि |



**अयोध्या श्रीराम मंदिर से जुड़े चढ़ावे, दान एवं प्रबंधन संबंधी प्रकरण में अतिरिक्त साक्ष्य सौंपने हेतु समय प्रदान करने के संबंध में।**

mp.sanjaysingh < mp.sanjaysingh@mprs.sansad.in > | Print

Sanjay Singh < mp.sanjaysingh@mprs.sansad.in >
Mon, 06 Jul 2026 11:00:48 PM +0530

To "Commissioner Office Lucknow Division"<commluc@nic.in>,"Kiran S"<igrlkw@nic.in>

महोदय,
सादर अवगत कराना है कि अयोध्या में भगवान श्रीराम मंदिर से जुड़े चढ़ावे, दान एवं प्रबंधन संबंधी प्रकरण की जांच हेतु गठित विशेष जांच दल के अध्यक्ष के रूप में आप इस गंभीर एवं जन-आस्था से जुड़े मामले की जांच कर रहे हैं।

मैं इस विषय में आपसे पूर्व में भी एक बार भेंट कर चुका हूँ एवं कई महत्वपूर्ण दस्तावेज आपको सौंप चुका हूँ। इसी क्रम में आपको अवगत कराना चाहता हूँ कि मेरे पास इस प्रकरण से संबंधित कुछ अतिरिक्त साक्ष्य एवं महत्वपूर्ण दस्तावेज उपलब्ध हैं, जो आपकी जांच में अत्यंत उपयोगी सिद्ध हो सकते हैं। इन दस्तावेजों के माध्यम से इस पूरे प्रकरण की वास्तविकता उजागर करने तथा अनियमितताओं के अनावरण में जांच दल को महत्वपूर्ण सहायता मिल सकती है।


अतः आपसे अनुरोध है कि मुझे भेंट करने हेतु एक सुविधाजनक समय प्रदान करें, ताकि मैं अपने पास उपलब्ध सभी साक्ष्य एवं दस्तावेज विधिवत रूप से आपके समक्ष प्रस्तुत कर सकूँ, जिससे इस संवेदनशील जांच को इसके तार्किक निष्कर्ष तक पहुँचाया जा सके।

(संजय सिंह)
सांसद, राज्य सभा

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિરના નિર્માણ અને જમીન ખરીદીને લઈને ફરી એકવાર વિવાદનો મધપૂડો છંછેડાયો છે. આમ આદમી પાર્ટી (AAP) ના રાજ્યસભાના સાંસદ સંજય સિંહે રામ મંદિરના નામે મોટું જમીન કૌભાંડ થયું હોવાનો સનસનીખેજ આક્ષેપ કર્યો છે. આ મામલે તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના અધ્યક્ષને તેમણે સત્તાવાર ઈમેલ મોકલીને આ કૌભાંડના નક્કર પુરાવાઓ સોંપવા માટે મુલાકાતનો સમય માંગ્યો છે, જેના કારણે રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.સંજય સિંહે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ અંગે ખુલાસો કરતા ચોંકાવનારી વિગતો શેર કરી છે. તેમણે સીધો આરોપ લગાવ્યો છે કે રામ મંદિર ટ્રસ્ટ સાથે જોડાયેલા ચંપત રાયે માત્ર ૧ કરોડ ૭૩ લાખ રૂપિયાની કિંમતની જમીન અધધ ૨૯ કરોડ ૬૭ લાખ રૂપિયામાં ખરીદી છે. આટલું જ નહીં, સાંસદનો દાવો છે કે તેમની પાસે આવી એક-બે નહીં પરંતુ પૂરી ૧૧ જમીનોના સોદાના દસ્તાવેજો છે, જેમાં મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવી છે. આ જમીન કૌભાંડના તમામ કાગળિયા તેઓ તપાસ કરી રહેલી SIT ને સોંપવા માંગે છે.લખનઉ ડિવિઝનના કમિશનર અને SIT ના વડાને ૬ જુલાઈએ લખેલા ઈમેલમાં સંજય સિંહે સ્પષ્ટ કર્યું છે કે, અગાઉ પણ તેઓ આ સંવેદનશીલ અને જન-આસ્થા સાથે જોડાયેલા મામલામાં તપાસ દળને મળી ચૂક્યા છે અને કેટલાક દસ્તાવેજો આપી ચૂક્યા છે. પરંતુ હવે તેમની પાસે આ પ્રકરણને લગતા કેટલાક "વધારાના અને ખૂબ જ મહત્વપૂર્ણ દસ્તાવેજો" હાથ લાગ્યા છે. તેમણે ઈમેલમાં ભારપૂર્વક જણાવ્યું છે કે આ દસ્તાવેજો તપાસમાં અત્યંત ઉપયોગી સાબિત થશે અને કૌભાંડની વાસ્તવિકતા ઉજાગર કરવામાં તેમજ અનિયમિતતાઓનો પર્દાફાશ કરવામાં તપાસ એજન્સીને મોટી મદદ મળશે.

રામ મંદિર દેશના કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર છે, ત્યારે ચઢાવા, દાન અને જમીન ખરીદીમાં આવા કથિત ભ્રષ્ટાચારના આરોપોએ ભારે ખળભળાટ મચાવી દીધો છે. સંજય સિંહે SIT ને વિનંતી કરી છે કે તેમને જલ્દીથી મુલાકાત માટે એક અનુકૂળ સમય આપવામાં આવે જેથી આ તમામ પુરાવાઓ અને દસ્તાવેજો તેઓ વિધિવત રીતે રજૂ કરી શકે અને આ ગંભીર તપાસને તેના યોગ્ય અને તાર્કિક નિષ્કર્ષ સુધી પહોંચાડી શકાય. હવે જોવું એ રહે છે કે SIT આ પુરાવાઓને આધારે તપાસ કઈ દિશામાં આગળ વધારે છે.



### જનજાગૃતિના 81 કાર્યક્રમો યોજાયા : ઘરેલુ હિંસાના કેસમાં ગુજરાતમાં રાજકોટ બીજા ક્રમે

# રાજકોટ શરમજનક રેન્કિંગમાં

# મહિલા અત્યાચારમાં દેશમાં છઠ્ઠા ક્રમે!

## સખી સેન્ટર દ્વારા અત્યાર સુધીમાં 437 પીડિત મહિલાઓને કાયદાકીય અને વહીવટી સહાય

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર ઘરેલુ હિંસા અને અન્ય અત્યાચારોનો ભોગ બનેલી મહિલાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. આ સંસ્થા પીડિત મહિલાઓને કટોકટીના સમયે પોલીસ સહાય, તબીબી સારવાર, કાનૂની માર્ગદર્શન, કાઉન્સેલિંગ અને ૫ દિવસ સુધીનો હંગામી આશ્રય એક જ છત નીચે વિનામૂલ્યે પૂરો પાડે છે.

જોકે ચિંતાજનક બાબત એ છે કે ઘરેલુ હિંસા અને મહિલા અત્યાચારના કેસમાં સહાય મેળવવામાં રાજકોટ રાજ્યમાં બીજા ક્રમે અને સમગ્ર દેશમાં છઠ્ઠા ક્રમે આવ્યું છે. રાજ્યભરમાં આ મામલે પ્રથમ ક્રમે સુરત, બીજા ક્રમે રાજકોટ, ત્રીજા ક્રમે આણંદ અને ચોથા ક્રમે ગાંધીનગર આવેલું છે. રાજકોટના સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા અત્યાર સુધીમાં ૪૩૭ કેસમાં પીડિત મહિલાઓને વિવિધ પ્રકારની કાયદાકીય અને વહીવટી મદદ પૂરી પાડવામાં આવી છે.

તાજેતરમાં રાજકોટ જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને મિશન શક્તિ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાની દેખરેખ અને નિયંત્રણ સમિતિ તેમજ પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર યોજનાની એક મહત્ત્વની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

રાજકોટ જિલ્લામાં વિભાગ દ્વારા આયોજિત ૮૧ જેટલા જનજાગૃતિ કાર્યક્રમોના માધ્યમથી આશરે ૪૩૦૫ જેટલી મહિલાને જાગૃત કરવામાં આવી છે. વધુમાં, ૧૮૧ અભયમ હેલ્પલાઈન દ્વારા મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની કામગીરીની સમીક્ષા કરતા કલેક્ટરએ ખાસ કરીને આત્મહત્યાના વિચાર કરતા મહિલાઓ સાથે સંવેદનશીલ અભિગમ સાથે કામગીરી કરવા જણાવ્યું હતું.આ તકે ૧૮૧ અભયમ હેલ્પલાઈનના કો-ઓર્ડિનેટર તુષાર ભેરવાએ કહ્યું કે, રાજકોટમાં કુલ પાંચ મહિલા હેલ્પલાઈન વાન કાર્યરત છે. આ સેવા દ્વારા વર્ષ ૨૦૨૬માં કુલ ૧૪૭૯ જેટલા અલગ અલગ કિસ્સામાં મહિલાઓને મદદ પહોચાડવામાં આવી છે.



### 181 અભયમથી 1,479 મહિલાઓને સહારો

રાજકોટ જિલ્લામાં કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની પાંચ વાન દ્વારા ચાલુ વર્ષે ૧,૪૭૯ મહિલાઓને ઘરેલુ હિંસા, માનસિક તણાવ અને અન્ય સંકટની પરિસ્થિતિમાં તાત્કાલિક સહાય પૂરી પાડવામાં આવી છે. સમીક્ષા બેઠકમાં આત્મહત્યાના વિચારો ધરાવતી મહિલાઓ સાથે વધુ સંવેદનશીલ અભિગમ અપનાવવા પણ સૂચના આપવામાં આવી હતી.

## ઉતરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલની કડક ટિપ્પણી

# ભણતી છોકરીઓ પ્રેગનેન્ટ થઈ જાય છે!

- અભ્યાસ કરતી છોકરીઓમાં ગર્ભધારણ મુદ્દે આનંદીબેનનો કડક સંદેશ : ‘આવા પરાક્રમ બંધ કરો’
- નાની વયે યુવતિઓ માં બને પછી બાળકની જવાબદારી સરકાર ઉપર આવે છે

## પહેલા આત્મનિર્ભર બનો, પછી લગ્ન કરો : રાજ્યપાલ



**સિટી ન્યૂઝ@લખનૌ**

યુપીના રાજ્યપાલ આનંદી બેન પટેલે લખનઉમાં AKTUના દીક્ષાંત સમારોહ દરમિયાન કહ્યું કે, અભ્યાસ દરમિયાન છોકરીઓ પ્રેગ્નેન્ટ થઈ જાય છે. ઘણીને તો બાળક પણ થઈ જાય છે. પછી તે બાળકની જવાબદારી કોના પર જાય છે, જાણો છો? સરકાર પર જાય છે. આનંદીબેન પટેલે છોકરીઓને ટકોર કરતા કહ્યું હતું કે આવું પરાક્રમ તો ના કરો.

રાજ્યપાલે આનંદી બેને કહ્યું કે- ક્યારેક છોકરો-છોકરી સાથે મળીને ભાગી જાય છે. તેમના આ ’પરાક્રમ’નું પરિણામ એ આવે છે કે બાળક થઈ થાય છે. બાદમાં, ન તો તે અપનાવે છે કે ન તો તેમના પરિવાર સ્વીકારે છે, અને ત્યારે તે બાળકની જવાબદારી સરકાર પર આવી પડે છે.

આનંદી બેને કહ્યું- હું લવ મેરેજની વિરુદ્ધ નથી, તમે લવ મેરેજ કરો. તમને જેનાથી પ્રેમ છે, તેમને તમારાથી પ્રેમ છે તો લગ્ન કરો. પરંતુ, લગ્ન ત્યારે જ કરો જ્યારે આત્મનિર્ભર થઈ જાઓ. મારો દીકરો બેંગલુરુ ભણવા ગયો. મેં તેને કહી દીધું હતું કે જો કોઈ છોકરી પસંદ આવે તો જણાવી દેજો, લગ્ન કરાવી દઈશું. તેને કોઈ પસંદ જ ન આવી.

રાજ્યપાલ સોમવારે કુલપતિ તરીકે લખનઉમાં ડો. એપીજે અબ્દુલ કલામ ટેક્નિકલ યુનિવર્સિટી (AKTU)ના ૨૪મા દીક્ષાંત સમારોહમાં પહોંચ્યા હતા. તેમણે ૬૨૫૩૭ વિદ્યાર્થીઓને ડિગ્રી અને ૫૩ રિસર્ચરને પીએચડીની પદવી આપી હતી.

રાજ્યપાલ આનંદીબેન પટેલે કહ્યું, ગુજરાતમાં મેં જે નહોતું શીખ્યું, તે હું અહીં શીખી રહી છું. મેં દસ વર્ષ સુધી PWD (જાહેર બાંધકામ), મહેસૂલ અને શહેરી વિકાસ જેવા ૬ વિભાગો સંભાળ્યા હતા અને તે અનુભવમાંથી ઘણું શીખી હતી. તેથી જ હું નાના બાળકોના રૂમની ડિઝાઈન કેવી હોવી જોઈએ તે વિશે વાત કરું છું. તે ખૂબ જ વિચારપૂર્વક બનાવવા જરૂરી છે.

મેડલ મેળવનારા ૮૩ વિદ્યાર્થીઓમાંથી ૪૯ ખાનગી કોલેજોના છે. તેઓ મોંઘી ફી ભરી રહ્યા છે અને સારા માર્ક્સ પણ મેળવી રહ્યા છે. હું સરકારી શિક્ષકોને સખત મહેનત કરવા અને વિદ્યાર્થીઓને યોગ્ય રીતે ભણાવવા વિનંતી કરું છું. કૃપા કરીને તમારું ધ્યાન સરકારી કોલેજો પર કેન્દ્રિત કરો.



## બિશ્નોઈ ગેંગના ગ્લોબલ નેટવર્ક પર ત્રાટકી અમેરિકન એજન્સી

# લોરેન્સ બિશ્નોઈ જેલમાંથી જ ગેંગ ઓપરેટ કરે છે?




## અમેરિકા, કેનેડા, અને સ્પેઈનમાં FBIનું 'ઓપરેશન હાર્ડ બોલ' 50 ઠેકાણા પર દરોડા, 24ની ધરપકડ

### આ સંગઠન વિદેશમાં વસતા ભારતીય મૂળના ડાયસ્પોરાને નિશાન બનાવીને હિંસા-ડરનો માહોલ ઉભું કરે છે

ગેંગ કો-ઓર્ડિનેટર યૂરોપમાં સક્રિય



રોહિત ગોદારા

ગેંગનો મુખ્યા



લોરેન્સ

ગેંગ કો-ઓર્ડિનેટર કેનેડામાં



ગોલ્ડી બ્રાર

## લોરેન્સ ગેંગ સિવાય જગ્ગુ ભગવાનપૂરિયા અને રવિન્દર સિંહ ઢાંડા નેટવર્ક ઉપર પણ આરોપ

**સિટી ન્યૂઝ@વોશિંગ્ટન ડિસી**

આ ઓપરેશનનો મુખ્ય હેતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા હત્યા, ખંડણી, ડ્રગ્સની હેરાફેરી અને હથિયારોના ગેરકાયદેસર વેપાર જેવા સંગઠિત ગુનાખોરીના નેટવર્કને નેસ્તનાબૂદ કરવાનો છે.,અમેરિકાના ન્યાય વિભાગ દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલી ગુપ્ત તપાસના આધારે કેલિફોર્નિયા, ઈન્ડિયાના, જ્યોર્જિયા તેમજ કેનેડા અને સ્પેનમાં ૫૦થી વધુ સર્ચ વોરંટ જારી કરીને દરોડા પાડવામાં આવ્યા હતા. આ મામલામાં ભારતીય મૂળના ત્રણ મોટા ગુનાહિત સંગઠનો સામે ત્રણ અલગ-અલગ ફેડરલ આરોપનામા દાખલ કરાયા છે, જેમાં કુલ ૩૭ આરોપીઓમાંથી ૨૪ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે, જ્યારે ૧૦ આરોપીઓ હજુ પણ ફરાર છે.

અમેરિકન પ્રોસિક્યુટર્સ દ્વારા દાખલ કરાયેલી ચાર્જશીટ મુજબ, ભારતમાં જેલની પાછળ બંધ હોવા છતાં લોરેન્સ બિશ્નોઇ પ્રતિબંધિત મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ આધારિત એન્ક્રિપ્ટેડ એપ્લિકેશન્સનો ઉપયોગ કરીને આ વૈશ્વિક નેટવર્ક ચલાવી રહ્યો હતો. આ સંગઠન ખાસ કરીને વિદેશમાં વસતા ભારતીય મૂળના ડાયસ્પોરાને નિશાન બનાવીને હિંસા અને ડરનો માહોલ ઊભો કરતું હતું. કેનેડામાં સક્રિય એવા ગોલ્ડી બ્રાર અને યુરોપમાં સક્રિય રોહિત ગોદારા જેવા મુખ્ય સાગરીતો આ ગેંગના કો-ઓર્ડિનેટર તરીકે કામ કરતા હોવાનું સામે આવ્યું છે. જૂન ૨૦૨૩માં બ્રિટિશ કોલંબિયાના સરે ખાતે થયેલી એક રાજકીય અને ધાર્મિક નેતાની હત્યા પાછળ પણ બિશ્ર અને બ્રારનો હાથ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

જગ્ગુ ભગવાનપુરિયા ઓર્ગેનાઈઝેશનઃ ભારતમાં સ્થિત આ સિન્ડિકેટ અમેરિકા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સુધી ફેલાયેલું છે.

રવિન્દર સિંહ ઢાંડા નેટવર્કઃ કેનેડાથી ઓપરેટ થતા આ નેટવર્ક દ્વારા સાઉથ કેલિફોર્નિયાથી કેનેડા સુધી સેંકડો કિલોગ્રામ કોકેઈન અને મેથામ્ફેટામાઈન જેવા કેમિકલ ડ્રગ્સનું પરિવહન લોન્ગ-રૂટ ટ્રાન્સપોર્ટ દ્વારા કરવામાં આવતું હતું.

### અમેરિકન ન્યાય વિભાગના ગેંગ ઉપર આરોપ ?

- સોશિયલ મીડિયાના માધ્યમથી ધમકી આપતા
- ધમકીઓથી લાખો ડોલરની ખંડણી ઉઘરાવીને પોતાના સંગઠન માટે ફંડ એકઠું કરતી હતી
- આ સિન્ડિકેટે હરિફ જૂથો પાસેથી ડ્રગ્સના કન્સાઇમેન્ટ ચોરી કરીને અમેરિકા અને કેનેડા વચ્ચે બોર્ડર ક્રોસ સમગલિંગ પણ કર્યુ હતું

## કાઉન્ટ ડાઉન શરૂ: પાંચ મંત્રી બદલાય તેવી શક્યતા



# મોદી કેબિનેટમાં યુવા ટીમ હશે !

## કેબિનેટમાંથી રાજનાથસિંહ 50% - 50%



## આ મંત્રીઓ બદલાશે ?

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મોદી કેબિનેટમાં ફેરબદલની તૈયારી લગભગ પૂરી થઈ ગઈ છે. ૨૦ જુલાઈથી ચોમાસુ સત્ર શરૂ થઈ રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, તે પહેલાં ગમે ત્યારે ફેરબદલની જાહેરાત થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નિર્મલા સીતારમણ, હરદીપ સિંહ પુરી, પંકજ ચૌધરી અને હર્ષ મલ્હોત્રા પાસેથી મંત્રી પદ પાછું ખેંચી શકાય છે.

કેબિનેટમાં હવે વધુ યુવા હશે. સરેરાશ ઉંમર BJP અધ્યક્ષની ઉંમરની આસપાસ એટલે કે ૪૬ વર્ષ હશે. ૨-૪ વર્ષ ઓછી-વધુ હોઈ શકે છે, પરંતુ ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને બહાર જવું જ પડશે. અપવાદો જ બચશે. જોકે, આ નિયમ PM પદ માટે લાગુ પડશે નહીં. છેલ્લા બે ફેરબદલમાં કેબિનેટના જે ચહેરા બદલાયા નથી, તે આ વખતે ચોક્કસ બદલાશે. જે પક્ષોમાંથી લોકો તૂટીને BJPમાં આવ્યા છે, તેમને પણ કેબિનેટમાં સ્થાન આપવાનું છે. આમાં પંજાબમાંથી તૂટીને આવેલા

- હરદીપસિંહ પૂરી : પેટ્રોલિયમ-ગેસ મંત્રી
- નિર્મલા સિતારમણ : નાણામંત્રી
- ધર્મેન્દ્ર પ્રધાન : શિક્ષણમંત્રી
- પંકજ ચૌધરી : કેન્દ્રીય રાજ્યમંત્રી
- હર્ષ મલ્હોત્રા : કેન્દ્રીય રાજ્યમંત્રી

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, શિવસેના (ઉદ્ધવ જૂથ)માંથી તૂટીને આવેલા સાંસદો અને પશ્ચિમ બંગાળની તૃણમૂલ કોંગ્રેસના સાંસદો પણ NDAના સમર્થનમાં છે. તેમને પણ કેબિનેટમાં સામેલ કરવાની તૈયારી છે.

હરદીપ સિંહ પુરીને શું કોઈ નવું પદ મળશે? આ અંગે સૂત્રો કહે છે, 'હજુ કોઈ ચર્ચા થઈ નથી. વિદાય લગભગ નિશ્ચિત છે.' કારણ શું છે? તેઓ કહે છે, 'વધુ ઉંમર, તેમજ નવા લોકોને લાવવા માટે ખાલી પદ જોઈએ. એપસ્ટીન ફાઇલના ખુલાસા સમયે પણ તેમના નામની ચર્ચા થઈ હતી, પરંતુ કોઈ નક્કર પુરાવા મળ્યા ન હતા.' નિર્મલા સીતારમણનું બહાર જવું પણ લગભગ નિશ્ચિત છે. તેમને દક્ષિણના પ્રભારી તરીકે જોવામાં આવી રહ્યા છે. ૨૦૨૯ પહેલા અર્થતંત્રમાં કેટલાક નવા નિર્ણયો લેવાશે, જે નવા ચહેરા સાથે વધુ નવીનતા આપશે. સીતારમણથી કોઈ નારાજગી નથી. તેઓ મોદી અને શાહની કોર ટીમમાં છે.

## કોણ બનશે મંત્રીઓ ?



**અનુરાગ ઠાકુર**

હિમાચલ પ્રદેશના હમીપુરથી સાંસદ, પહેલા પણ કેન્દ્રીય મંત્રી હતા

**રાઘવ ચઢ્ઢા**
**સંદીપ પાઠક**

AAPમાંથી આવેલા 7 લોકોમાંથી બે નામોની ચર્ચા, પંજાબ વિધાનસભા ચૂંટણી લક્ષ્ય





**ડી પુરંદેશ્વરી**

2029 લોકસભા ચૂંટણીને ધ્યાને લેતા સાઉથના મોટા ચહેરા તરીકે એન્ટ્રી શક્ય

**કાકોલી દસ્તીદાર**

TMC છોડીને આવેલા સાંસદોમાં આ નામને કેબિનેટમાં જગ્યા મળવાની ચર્ચા છે





**તરૂણ ચુઘ**

પંજાબના અમૃતસરમાં છે, વિધાનસભા ચૂંટણીને ધ્યાને લેતા મંત્રી પદ મળી શકે છે

## માસ્ટર સ્ટ્રોકઃ 2027ની ચૂંટણીમાં ઉમેદવારોને અત્યારથી જ ચૂંટણી રણ મેદાનમાં ઉતાર્યા !

# AAPની ચુંટણી બ્લુ પ્રિન્ટ તૈયાર; 66 પ્રભારી જ બનશે ઉમેદવાર?

## 182 વિધાનસભા બેઠકમાંથી 66 મજબૂત ઉમેદવારોને પ્રભારીને જવાબદારી સોંપી ચૂંટણીમાં લાગી જવા એલાન



**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી (AAP)એ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે મોટી સંગઠનાત્મક જાહેરાત કરી છે. પાર્ટીએ રાજ્યની ૬૬ વિધાનસભા બેઠકો માટે પ્રભારીઓની નિયુક્તિ જાહેર કરી છે. આ નિયુક્તિઓ પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હોવાનું પાર્ટીએ જણાવ્યું છે.નવી યાદીમાં પાર્ટીના અગ્રણી નેતાઓ ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા, ચૈતર વસાવા, હેમંત ખવા સહિતના આગેવાનોને વિવિધ વિધાનસભા વિસ્તારોની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રભારીઓ સ્થાનિક સંગઠનને સક્રિય બનાવશે, કાર્યકરો સાથે સતત સંકલન રાખશે તેમજ આગામી ચૂંટણી માટે પાર્ટીની તૈયારીઓને વેગ આપશે.પાર્ટીનું માનવું છે કે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં સંગઠનને વિધાનસભા અને બૂથ સ્તર સુધી વધુ મજબૂત બનાવવું જરૂરી છે. તે માટે પ્રભારીઓની નિયુક્તિને મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં બાકીની બેઠકો માટે પણ જવાબદારીઓની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે.

## ક્યાં શહેરના કોણ પ્રભારી બન્યા


- ડેડિયાપાડા-ચૈતર વસાવા
- ગોંડલ-જીગીષાબેન પટેલ
- જામજોધપૂર-હેમંત ખવા
- જસદણ-બ્રિજરાજ સોલંકી
- ખંભાળિયા-ઈસુદાન ગઢવી
- રાજકોટ પૂર્વ-રાહુલ ભૂવા
- રાજકોટ ગ્રામ્ય-નરેન્દ્રભાઈ રાઠોડ
- વિસાવદર-ગોપાલ ઈટાલિયા

| વિધાનસભા બેઠક | પ્રભારીનું નામ |
|---|---|
| અમરેલી | નિકુંજભાઈ સાવલીયા |
| અંકલેશ્વર | નિતિનભાઈ વસાવા |
| બાયડ | મહેશ પટેલ |
| બેચરાજી | ભાવેશ પટેલ |
| ભરૂચ | પિયુષ પટેલ |
| ભાવનગર પશ્ચિમ | મહિપાલસિંહ ઝાલા |
| બોટાદ | પરસોત્તમભાઈ દિયાળભાઈ રાઠોડ |
| છોટાઉદેપુર | વિનુભાઈ રાઠવા |
| દાહોદ | ડો. દિનેશ મુનિયા |
| દાંતા | રાજેશકુમાર દામા |
| દસકોઇ | ઠાકોર અજીતભાઈ કાળાજી |
| ડેડીયાપાડા | ચૈતરભાઈ વસાવા |
| ડીસા | રાજકરણ ઠાકોર |
| ધંધુકા | કાનજીભાઈ ગટોરભાઈ વાળા |
| ધ્રાંગધ્રા | ડો. કિરીટસિંહ મનુભાઈ રાણા |
| ધરમપુર | કમલેશભાઈ પટેલ |
| ધારી | કાંતિભાઈ સતાસીયા |
| દ્વારકા | રૂધાભાઈ આંબલીયા |
| ફતેપુરા | રાજુભાઈ વલવાઈ |
| ગણદેવી | પંકજ પટેલ |
| ગરબાડા | કેતનકુમાર કસનાભાઈ બામણીયા |
| ગોંડલ | જીગીષાબેન પટેલ |
| હાલોલ | રામચંદ્ર બારીયા |
| ઇડર | જયંતીભાઈ પ્રણામી |
| જામજોધપુર | હેમંત ખવા |
| જામનગર ગ્રામ્ય | પ્રકાશ ધીરુભાઈ દોંગા |
| જસદણ | બ્રિજરાજ સોલંકી |
| જેતપુર (છોટાઉદેપુર) | રાધિકા રાઠવા |
| ઝઘડીયા | રજનીકાંતભાઈ વસાવા |
| કાલાવાડ | ડો. કલ્પેશ મકવાણા |
| કામરેજ | રામભાઈ ધડુક |
| કાંકરેજ | પ્રભાતસિંહ સોલંકી |
| કપરાડા | ગુલાબભાઈ નાનાભાઈ પટેલ |
| ખંભાળિયા | ઈસુદાન ગઢવી |
| ખેડબ્રહ્મા | બિપીનચંદ્ર ગામેતી |
| ખેરાલુ | આશાબેન મહિપાલભાઈ ઠાકોર |
| લિંબાયત | પંકજ તાયડે |
| લીમડી | મયુરભાઈ સાકરીયા |
| લીમખેડા | નરેશભાઈ પુનાભાઈ બારીયા |
| મહુવા (સુરત) | કુંજનભાઈ પટેલ |
| માણાવદર | રાજુભાઈ બોરખતરીયા |
| માંડવી (સુરત) | સાયનાબેન રુસ્તમભાઈ ગામીત |
| માંગરોળ (જૂનાગઢ) | પિયુષ પરમાર |
| માંગરોળ (સુરત) | સ્નેહલ વસાવા |
| મોડાસા | રાજેન્દ્રસિંહ પરમાર |
| મોરબી | પંકજ રાણસરીયા |
| નાંદોદ | નિરંજનભાઈ વસાવા |
| નિકોલ | જીગરભાઈ કાછડીયા |
| પ્રાંતિજ | હિતેન્દ્રસિંહ પરમાર |
| રાધનપુર | ગોવિંદભાઈ ઠાકોર |
| રાજકોટ પૂર્વ | રાહુલ ભુવા |
| રાજકોટ ગ્રામ્ય | નરેન્દ્રભાઈ રાઠોડ |
| રાજુલા | રાજુભાઈ સોલંકી |
| સંખેડા | નાનાભાઈ કાંતિભાઈ ભીલ |
| સંતરામપુર | બાબુભાઈ ડામોર |
| સોજિત્રા | વિજયભાઈ બારૈયા |
| તળાજા | માવજીભાઈ ઉકાભાઈ ભાલિયા |
| તલાલા | દેવેન્દ્ર સોલંકી |
| ઠક્કરબાપાનગર | મીનાક્ષીબેન હરેશભાઈ પટેલ |
| ઉધના | વિલાસભાઈ પાટીલ |
| ઉના | સેજલબેન ખુંટ |
| વાગરા | નોફલ ઐયુબભાઈ પટેલ |
| વરાછા રોડ | રજનીભાઈ વાઘાણી |
| વિસાવદર | ગોપાલ ઈટાલીયા |
| વઢવાણ | વિક્રમ દવે |
| વાંકાનેર | અજીત લોખિલ |

# શાંત ગુજરાતમાં હિંસાનો વિસ્ફોટઃ જાહેરમાં ખુની ખેલ

### અડાલજમાં યુવકની નગ્ન લાશનો ભેદ ઉકેલાયો

## નાસ્તો ક્યાં મળશે તે પૂછવા મુદ્દે યુવકની જાહેરમાં હત્યા




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

કુડાસણ-પોર રોડ પરથી ગત ૩ જુલાઈના રોજ એક અંદાજે ૨૫ વર્ષના અજાણ્યા યુવકની નગ્ન હાલતમાં લાશ મળી આવી હતી. શરૂઆતમાં પોલીસે અકસ્માત કે સામાન્ય મોત સમજીને તપાસ શરૂ કરી હતી, પરંતુ પેનલ ડોક્ટરો પાસે પોસ્ટમોર્ટમ કરાવતા આ એક ઘાતકી હત્યા હોવાનું સામે આવ્યું છે. અડાલજ પોલીસે સીસીટીવી (CCTV) ફૂટેજ અને સ્થાનિકોની પૂછપરછના આધારે આ ક્રૂર હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે અને ગામના જ ૭ શખસો સામે અપહરણ તથા હત્યાનો ગુનો નોંધી તેમની ધરપકડની કાર્યવાહી હાથ ધરી છે.

૩ જુલાઈની રાત્રે સાડા બારેક વાગ્યે કુડાસણના ત્રણ મિત્રો (તરુણ ઠાકોર, ઉજ્જવલ ઠાકોર અને પ્રકાશ ઠાકોર) ભાટ સર્કલથી નાસ્તો કરીને એક્ટિવા પર ઘરે જઈ રહ્યા હતા. અચાનક વાહન રોકવા બાબતે ઉજ્જવલે યુવકને ઠપકો આપતા બંને વચ્ચે ઝપાઝપી થઈ ગઈ. દરમિયાન અન્ય બે શખસો (કૃપેશ ઠાકોર અને નિતેશ ઉર્ફે ગગો) પણ ત્યાં આવી પહોંચ્યા અને પાંચેય જણાએ યુવકને માર મારવાનું શરૂ કર્યું. મારથી બચવા માટે યુવક દોડીને સ્કૂલની અંદર ઘૂસી ગયો, પરંતુ સ્કૂલની અંદર ગયા અને તેને શોધી કાઢીને લાકડીઓ વડે મારતા-મારતા બહાર લાવ્યા, બળીયાદેવ મંદિર પરિસરમાં બધાએ ભેગા મળીને યુવકના કપડાં ઉતારી તેને નગ્ન કરી દીધો. ત્યારબાદ તેને દોરડાથી બાંધીને લાકડાના ધોકા વડે વારાફરતી એટલો ઢોર માર માર્યો કે યુવકે ત્યાં જ દમ તોડી દીધો.

> **ગામના જ 7 શખસો સામે અપહરણ તથા હત્યાનો ગુનો નોંધી તેમની ધરપકડ**

### ક્રાઈમ રીલ જોઈ હત્યાને અંજામ આપ્યો

## જેતપૂરમાં લોહિયાળકાંડ

## માતાના લિવ-ઈન પાર્ટનરને પુત્રએ જાહેરમાં ચાકુના ઘા માર્યા

### આરોપીની પોલીસે કરી ધરપકડ



**સિટી ન્યૂઝ@જેતપુર**

જેતપુરના કણકિયા પ્લોટ વિસ્તારમાં બપોરના સમયે જાહેરમાં એક યુવકની કરપીણ હત્યા કરવામાં આવી છે. ધોળા દિવસે બનેલી ઘટનાના દ્રશ્યો નજીકના CCTV કેમેરામાં પણ કેદ થઈ ગયા હતા. માતાના મૈત્રી કરારના લીધે પુત્રએ યુવકને જીવ લીધો છે.

મળતી માહિતી મુજબ, જેતપુરના કણકિયા પ્લોટમાં રહેતા કમલેશ વાઘેલા નામના યુવક પર અચાનક જીવલેણ હુમલો થયો હતો. સોલવાંટ ખાતે રહેતા જયન વાઘેલાએ કમલેશ પર છરીના ૬ થી વધુ ઘા ઝીંકીને લોહીલુહાણ કરી દીધા હતા. ગંભીર ઈજાઓના કારણે કમલેશનું મોત નીપજ્યું હતું.

હત્યાની જાણ થતા વાલ્મિકી સમાજના મોટી સંખ્યામાં લોકો જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે એકત્ર થઈ ગયા હતા અને પરિસ્થિતિ તંગ બની હતી.

ઘટનાની જાણ થતા જેતપુર સિટી પોલીસ અને રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. (LCB) નો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અલગ-અલગ ટીમો બનાવી તાત્કાલિક તપાસ શરૂ કરી હતી અને ગણતરીની મિનિટોમાં જ આરોપી જયન વાઘેલાને દબોચી લીધો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછ અને તપાસમાં આ હત્યાકાંડ પાછળનું કારણ કૌટુંબિક મનદુખ હોવાનું બહાર આવ્યું છે. મૃતક કમલેશભાઈ વાઘેલા આરોપીની માતા સાથે મૈત્રી કરાર કરીને સાથે રહેતા હતા. આરોપી જયન વાઘેલાને માતાનું મૃતક સાથે રહેવું બિલકુલ પસંદ ન હતું. આ જ આક્રોશ અને અદાવતમાં ભયાનક પગલું ભરી લીધું હતું.

જેતપુરના DYSP રોહિતસિંહ ડોડીયાએ આ અંગે જણાવ્યું હતું કે, મૃતકના ભાઈ કપિલભાઈની ફરિયાદના આધારે પોલીસે કાયદેસરનો ગુનો નોંધીને આરોપી જયન વાઘેલાને ધરપકડ કરી છે. હાલ આ મામલે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે. જો આ ગુનામાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી હોવાનું બહાર આવશે તો તેમની સામે પણ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

**મુંબઈમાં સતત વરસાદ : 39 ટ્રેનો રદ્દ, 21 ટ્રેનોને રસ્તામાં જ અટકાવી દેવામાં આવી**



# દેશમાં વરસાદનું તાંડવ 100નાં મોત

## 24 કલાકમાં મોતના આંકડા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સુરતમાં 11નાં મોત | અરૂણાચલમાં 8નાં મોત | કેરલમાં 6નાં મોત 7 ગૂમ | પાલઘરમાં 12નાં મોત | રાજસ્થાનમાં 5નાં મોત | મધ્યપ્રદેશમાં 5નાં મોત | મુંબઈમાં 8નાં મોત |

**દિલ્હી મુંબઈમાં ભારે વરસાદથી ફ્લાઈટ પ્રભાવિત**

**અરૂણાચલમાં પૂર-ભૂસ્ખલનથી 94 હજાર લોકો પ્રભાવિત**

**રાજસ્થાન, મ. પ્રદેશમાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયા**

# અરૂણાચલના 14 ગામો 10 દિવસથી સંપર્કવિહોણા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સુરતમાં ૩૬ કલાકમાં ૧૧ થી ૧૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સાથે જ જુલાઈ ૧૯૪૧માં નોંધાયેલા ૧૮ ઈંચ વરસાદનો ૮૫ વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યોછે. સૌથી વધુ ૧૯ ઈંચ વરસાદ સરથાણામાં નોંધાયો હતો, ત્યારબાદ વરાછામાં ૧૮.૧૬ ઈંચ વરસાદ પડ્યો હતો. શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી; એક શોપિંગ મોલનો એક માળ પાણીમાં ડૂબી ગયો હતો અને રસ્તાઓ પર કારો તણાતી જોવા મળી હતી. પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી લગભગ ૨૧૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

સુરત અને નવસારીમાં શાળા, કોલેજ અને આંગણવાડી બંધ રાખવામાં આવ્યા છે. લોકોને અત્યંત જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવા અપીલ કરવામાં આવી છે.



ગુરુગ્રામના ઘણા વિસ્તારોમાં બે-બે ફૂટ પાણી ભરાઈ ગયું. નેશનલ NH-૪૮ ધસી પડ્યો છે, જેના કારણે ૧૦ કિમી લાંબો જામ લાગી ગયો. સર્વિસલેનની ગટરમાં એક સ્કૂલ બસ પણ ફસાઈ ગઈ છે. રાજસ્થાનના જાલોરમાં જીપ નદીમાં પલટી ગઈ. ચિત્તોડગઢમાં વીજળી પડવાથી એક જ પરિવારના ૩ લોકોના મોત થયા. જ્યારે, મધ્ય પ્રદેશના જબલપુરમાં મંગળવારે સાંજે પાંચ માળની ઈમારત ધરાશાયી થઈ.

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં ૧ જુલાઈથી વરસાદને કારણે ૧૦ લોકોનાં મોત થયાં છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો છે. વહીવટીતંત્રે ૩૮૯ પરિવારોનાં ૧૨૬૧ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડીને રાહત શિબિરોમાં પહોંચાડ્યા છે.

અરુણાચલ પ્રદેશના લોઅર સિયાંગ જિલ્લાના કોયુ સર્કલના ૧૪ ગામો છેલ્લા ૧૦ દિવસથી દેશના બાકીના ભાગોથી સંપર્કવિહોણા થઈ ગયા છે. ૨૮ જૂનના રોજ થયેલા સતત વરસાદ, વાદળ ફાટવાની ઘટના અને ભારે પૂરને કારણે આ ગામોમાં રસ્તાનો સંપર્ક અને આવશ્યક સેવાઓ ગંભીર રીતે ખોરવાઈ ગઈ છે. યુપીના ૫૦ શહેરોમાં મંગળવારે વરસાદ થયો. મથુરા અને શામલીમાં રસ્તાઓ પર નદીઓ જેવું પાણી વહેતું હતું. કારો અને બાઈકો તણાવા લાગી. અમરોહામાં એક કલાકના વરસાદથી દિલ્હી-લખનૌ હાઈવે પર પાણી ભરાઈ ગયું. દિલ્હી અને મુંબઈમાં થઈ રહેલા ભારે વરસાદની અસર ફ્લાઈટ્સ પર પણ પડી છે. ઘણી ફ્લાઈટ્સ મોડી પડી છે.

## બંગાળ પોલીસનો દાવો : રાઈફલ છીનવીને ભાગવાની કોશિશ કરી

# બાળકી પર બળાત્કાર-હત્યાનો આરોપી એન્કાઉન્ટરમાં ઠાર



બાળકી ઉપર બળાત્કાર કરી તળાવમાં ફેંકી દીધી હતી

**સિટી ન્યૂઝ@કોલકાત્તા**

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના બારુઈપુરમાં સગીરા પર બળાત્કાર અને હત્યાનો એક આરોપી પ્રભાસ મંડલ પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી પૂછપરછ દરમિયાન પોલીસ કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

પોલીસે દાવો કર્યો છે કે પ્રભાસ મંડલે એક પોલીસકર્મીની રાઈફલ છીનવી લીધી હતી. આ પછી પોલીસ અને આરોપી વચ્ચે એન્કાઉન્ટર થયું, જેમાં પ્રભાસ મંડલને ગોળી વાગી. તેને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. બારુઈપુરમાં ૧૨ વર્ષની છોકરી ૪ જુલાઈએ ગુમ થઈ ગઈ હતી. ૫ જુલાઈએ એક તળાવમાંથી તેનો મૃતદેહ મળ્યો. પોસ્ટમોર્ટમમાં બળાત્કારની પુષ્ટિ થઈ. પોલીસે બળાત્કાર-હત્યાના આરોપમાં પ્રભાસ મંડલ સહિત ત્રણ લોકોની ધરપકડ કરી હતી. આમાંથી એક આરોપીનું નામ આનંદ સરદાર છે. ૫ જુલાઈના રોજ તળાવમાંથી યુવતીનો મૃતદેહ મળ્યા બાદ તરત જ ભીડે એક આરોપીને માર મારીને હત્યા કરી દીધી હતી. તેના પર બાળકીના બળાત્કાર અને હત્યામાં સામેલ હોવાની શંકા હતી. મૃતકની ઓળખ ઇન્દ્રજીત તાંતી તરીકે થઈ હતી. પોલીસે વિસ્તારના CCTV ફૂટેજની પણ તપાસ કરી, જેમાં ચાર લોકો છોકરીને પોતાની સાથે લઈ જતા જોવા મળ્યા હતા. પોલીસે જણાવ્યું કે પ્રારંભિક પોસ્ટમોર્ટમમાં છોકરીના માથા અને પ્રાઈવેટ પાર્ટ્સ પર ઈજાના નિશાન મળ્યા હતા. છોકરીના માથા પર કાં તો કોઈ ભારે વસ્તુથી હુમલો કરવામાં આવ્યો હતો અથવા તેને કોઈ સખત સપાટી પર પછાડવામાં આવી હતી. શરીરના અલગ-અલગ ભાગો પર ઉઝરડા અને કાપવાના નિશાન હતા. તેના ફેફસાં અને પેટમાં પાણી મળ્યું. આરોપીઓએ તેને જીવતી જ તળાવમાં ફેંકી દીધી હતી. ડૂબી જવા અને વધુ પડતા રક્તસ્રાવને કારણે તેનું મૃત્યુ થયું.



## મુંબઈ એરપોર્ટ પર મોટી દૂર્ઘટના ટળી

# બે વિમાનો રનવે પર સામસામે આવ્યા

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મંગળવારે ૭ જુલાઈના રાત્રે મુંબઈ એરપોર્ટ પર એક મોટી દુર્ઘટના ટળી ગઈ. એક જ રનવે પર એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસના બે વિમાનો સામસામે આવી ગયા હતા. જોકે, એર ટ્રાફિક કંટ્રોલ (ATC) તરફથી સૂચના મળ્યા બાદ એર ઈન્ડિયાના વિમાને ટેકઓફ રદ કર્યું હતું.

સૂત્રો અનુસાર, આ ઘટના રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ બની હતી. સિલિગુડીથી આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ AIX-૧૫૪૭ લેન્ડિંગ કર્યા બાદ હજુ રનવે પરથી સંપૂર્ણપણે હટી પણ નહોતી. તે દરમિયાન એ જ રનવે પરથી દિલ્હી જવા તૈયાર એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-૮૧૬ ટેક-ઓફ માટે આગળ વધી રહી હતી.


એક જ રનવે પર બંને વિમાનો સામસામે આવી જતા એરપોર્ટ પર ચકચાર મચી ગઈ હતી. જોકે, ATC તરફથી તરત જ સૂચના મળતા એર ઈન્ડિયાના પાયલોટે ટેક-ઓફ પ્રક્રિયા અટકાવી દીધી અને વિમાનને પાછું બે (Bay) એટલે કે પાર્કિંગ વિસ્તારમાં લઈ જવામાં આવ્યું. જેના કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી અને તમામ મુસાફરો સુરક્ષિત રહ્યા.

સૂત્રો અનુસાર, મુંબઈથી દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-૮૧૬માં મોટા કદનું બોઈંગ ૭૭૭-300ER વિમાન હતું. જ્યારે સિલિગુડીથી મુંબઈ આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ AIX-૧૫૪૭માં બોઈંગ ૭૩૭ MAX ૮ વિમાન સામેલ હતું.

## મહેસાણામાં અધિક કલેક્ટરનું કડક પગલું

# મિટિંગમાં ટી-શર્ટ પહેરતા અધિકારીઓને નોટિસ

**સિટી ન્યૂઝ@મહેસાણા**




મહેસાણા જિલ્લા વહીવટી તંત્રમાં શિસ્તનો કડક અમલ જોવા મળી રહ્યો છે, જેમાં અધિક કલેક્ટર મયંક પટેલ દ્વારા લેવાયેલા એક કડક પગલાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. કલેક્ટર કચેરીમાં યોજાતી મહત્વની મિટિંગો દરમિયાન ડેપ્યુટી કમિશનર દર્શનસિંહ ચાવડા દ્વારા સરકારી પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવામાં આવતું હતું. તેઓ વારંવાર ટી-શર્ટ પહેરીને મિટિંગમાં હાજર રહેતા હોવાથી અધિક કલેક્ટરે આ બાબતને ગંભીરતાથી લઈ તેમને સત્તાવાર રીતે નોટિસ ફટકારી છે. વહીવટી અધિકારીઓ માટે નિયત ડ્રેસ કોડનું પાલન કરવું ફરજિયાત હોવા છતાં કરવામાં આવેલી આ બેદરકારી સામે તંત્રએ લાલ આંખ કરી છે.

વારંવાર ટી-શર્ટ પહેરી આવતા હોવાની ફરિયાદોપ્રાપ્ત માહિતી અનુસાર, ડેપ્યુટી કમિશનર દર્શનસિંહ ચાવડા અગાઉ પણ ઘણી વખત મિટિંગમાં ટી-શર્ટ પહેરીને ઉપસ્થિત રહ્યા હતા. મિટિંગ જેવી ગંભીર સરકારી કામગીરીમાં અધિકારીઓનું આ પ્રકારનું કેઝ્યુઅલ વલણ અને ડ્રેસિંગ સેન્સ સરકારી ગરિમાને અનુરૂપ ન હોવાથી અનેકવાર ચર્ચાઓ જાગી હતી. વારંવારની સૂચનાઓ છતાં તેમની વર્તણૂકમાં કોઈ સુધારો ન જોવા મળતા, અંતે વહીવટી વડાએ શિસ્તબદ્ધ કાર્યવાહીના ભાગરૂપે નોટિસ પાઠવવાનો નિર્ણય લીધો છે.

અધિકારીઓમાં ફેલાયો ફફડાટમહેસાણા કલેક્ટર કચેરીમાં નોટિસની આ ઘટનાથી અન્ય અધિકારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

મમ્મીનાં પર્સ સાથે પેરિસમાં પાવર એન્ટ્રી

# ઈશા અંબાણીનું 17 કરોડનું પર્સ



3000 ડાયમંડવાળું પર્સ બન્યું ટોક ઓફ ધ ટાઉન

અંબાણી પરિવારની લાડલી અને બિઝનેસવુમન ઈશા અંબાણી ફરી એકવાર પોતાના અલ્ટ્રા-લક્ઝુરિયસ લુકને કારણે વૈશ્વિક સ્તરે ચર્ચામાં આવી છે. તાજેતરમાં પેરિસમાં યોજાયેલા પ્રખ્યાત પેરિસ ફેશન વીક ૨૦૨૬માં ઈશા અંબાણીએ ભારતીય ડિઝાઈનર રાહુલ મિશ્રાના દેવી કલેક્શનના શૉમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં ઈશાના આકર્ષક આઉટફિટે તો લોકોનું ધ્યાન ખેંચ્યું જ, પરંતુ તેની સાથે રહેલી એક નાનકડી એક્સેસરીઝે લોકોને ચોંકાવી દીધા. તે બીજું કંઈ નહીં, પણ તેની માતા નીતા અંબાણીનું સૌથી કિંમતી હેન્ડબેગ હતું.

# 4 મહિનાની પ્રેગનેન્સીમાં દીપિકાનો ધમાકેદાર ડાન્સ






બોલિવૂડ સ્ટાર દીપિકા પાદુકોણની એક નવી જાહેરાત સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. દીપિકાએ એક હોટેલ ચેઈન માટે આ એડ શૂટ કરી છે, જેમાં તેનો બેબી બમ્પ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. હિન્દુસ્તાન ટાઈમ્સ' અનુસાર, દીપિકાએ આ જાહેરાત ત્યારે શૂટ કરી હતી, જ્યારે તે ૪ મહિના પ્રેગ્નેન્ટ હતી. દીપિકા અને તેનો પતિ રણવીર સિંહ ટૂંક સમયમાં તેમના બીજા બાળકનું સ્વાગત કરવાના છે.એડમાં જોવા મળ્યો દીપિકાનો સ્ટાઈલિશ લુક આ નવી જાહેરાતમાં દીપિકા પાદુકોણ ખૂબ જ સ્ટાઈલિશ અને અલગ લુકમાં જોવા મળી રહી છે. તેણે એક લક્ઝરી પ્રોપર્ટીની અંદર બ્લુ કલરનો પેન્ટસૂટ પહેરીને શૂટિંગ કર્યું છે. વીડિયોમાં તે હોટલના અલગ-અલગ ભાગોમાં વોક કરતી અને ડાન્સ કરતી જોવા મળી રહી છે.

# કૃતિ સેનને કરાવ્યું એગ ફ્રીઝિંગ

કોકટેઈલ ૨ અભિનેત્રી કૃતિ સેનને તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે તેણે ફિલ્મ 'મિમી'ની તૈયારી કરતી વખતે તેના એગ ફ્રીઝ કર્યા હતા. કૃતિએ 'હ્યુમન્સ ઓફ બોમ્બે' સાથેની એક મુલાકાતમાં ખુલાસો કર્યો હતો કે "આ પહેલી વાર છે જ્યારે હું જાહેરમાં આ કહી રહી છું. મેં મારા એગ ફ્રીઝ કર્યા છે. કૃતિએ ઉમેર્યું કે "મને ખુશી છે કે મેં હવે તે કર્યું કારણ કે મારા મનમાં ઉંમરનો કોઈ ડર નથી. જ્યારે લોકો મને પૂછે છે કે હું ક્યારે લગ્ન કરીશ, ત્યારે તેમનો વાસ્તવિક પ્રશ્ન એ છે કે મને બાળકો ક્યારે થશે. કારણ કે કમનસીબે, સ્ત્રીઓનું શરીર આવું જ હોય છે. ચોક્કસ ઉંમર બાદ સ્વસ્થ રીતે ગર્ભધારણ કરવું અને સ્વસ્થ બાળક મેળવવું મુશ્કેલ બની જાય છે. તેથી મેં મારા હૃદયની વાત સાંભળી અને તે નિર્ણય લીધો. તે સરળ પ્રક્રિયા નહોતી પરંતુ મેં તે સારી બાબત હતી.''

## શું છે આ પ્રક્રિયા?



ડૉ. અંજલિ કહે છે કે "જ્યારે આનાથી એગ તેમની વર્તમાન ગુણવત્તામાં જળવાઈ રહે છે, ત્યારે ભવિષ્યમાં આ પ્રક્રિયાની સફળતા ઘણા પરિબળો પર આધાર રાખે છે, જેમ કે ઈંડા સ્થિર કરતી વખતે સ્ત્રીની ઉંમર, સ્ટોર કરેલ એગની સંખ્યા, પ્રયોગશાળાની કુશળતા અને એકંદર પ્રજનન સ્વાસ્થ્ય.''એગ ફ્રીઝિંગ ખાસ કરીને શિક્ષણ, કારકિર્દી અથવા વ્યક્તિગત સંજોગોને કારણે ગર્ભાવસ્થામાં વિલંબ કરવા માંગતી સ્ત્રીઓ માટે ઉપયોગી થઈ શકે છે. જે સ્ત્રીઓ કીમોથેરાપી અથવા રેડિયેશન કરાવવા જઈ રહી છે, જેમને એન્ડોમેટ્રિઓસિસ છે અથવા અંડાશયના અનામતને અસર કરી શકે તેવી અન્ય સ્થિતિઓ છે, અથવા જેમના પરિવારમાં વહેલા મેનોપોઝનો ઈતિહાસ છે તેમના માટે તે ભલામણ કરવામાં આવે છે. ડૉ. માલપાણી 30 વર્ષની ઉંમરના અંતમાં એગ ફ્રીઝિંગને ઈમરજન્સીના પગલા તરીકે ન જોવાની સલાહ આપે છે. ડૉ. માલપાણી કહે છે કે "તેના બદલે તમારી પોતાની પ્રજનન ક્ષમતાને વહેલા સમજવી અને જ્યારે તમારા એગ ક્વોલિટી સારી હોય ત્યારે જાણકાર નિર્ણયો લેવાથી તમને તમારી ભાવિ પ્રજનન ક્ષમતાને સાચવવાની શ્રેષ્ઠ તક મળે છે. તેથી જો શક્ય હોય તો, તે 30 વર્ષની ઉંમરે કરો.''

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – **"સિટી ન્યૂઝ રાજકોટ"** સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય –**
**"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**


**અડીખમ સફર** | **રાજકોટની સંસ્થાએ અનાથોને આત્મનિર્ભર બનાવ્યા**


# 120 વર્ષથી અનાથોનો સહારો બનેલું કાઠિયાવાડ બાલાશ્રમ!






- 1600 બાળકોને દેશ-વિદેશમાં ઘર મળ્યું
- 375 દીકરીનું કરાયું કન્યાદાન
- કાઠિયાવાડ બાલાશ્રમથી 120 વર્ષની ગૌરવમય માઈલસ્ટોન



**સિટી ન્યૂઝ@રાજકોટ**

૧૮૯૯ના છપ્પનિયા દુષ્કાળની એ કારમી અને કાળઝાળ પરિસ્થિતિ, જ્યારે અસંખ્ય માસૂમ બાળકો અનાથ થઈને ગલીઓમાં ભીખ માંગવા મજબૂર બન્યા હતા. એ કપરા સમયે બાળકોની આંતરડી ઠારવા માટે ૧૯૦૮માં મોરબીના પ્રજાવત્સલ રાજવી અને સમાજના શ્રેષ્ઠીઓએ રાજકોટમાં જે પવિત્ર સંસ્થાનો પાયો નાખ્યો હતો, તે કાઠિયાવાડ નિરાશ્રિત બાલાશ્રમ આજે પોતાના ગૌરવવંતા ૧૧૯ વર્ષ પૂર્ણ કરીને ૧૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે.

આ ઐતિહાસિક અવસરને યાદગાર બનાવવા માટે બાલાશ્રમ ખાતે અનાથ બાળકોની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ત્રણ દિવસના સુંદર મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અહીના ૧૬૦૦ બાળકોને દેશ-વિદેશમાં ઘર મળ્યું છે જ્યાં તેમને દત્તક આપવામાં આવ્યા. ૩૭૫ દીકરીનું કન્યાદાન આ સંસ્થાએ કર્યું છે. અનાથથી લઈને આબાલ-વૃદ્ધોનો અડીખમ આશરો એટલે કાઠિયાવાડ બાલાશ્રમ એવું કહેવાય છે. આ વિશાળ વડલા સમાન સંસ્થાએ અત્યાર સુધીમાં ૧,૬૦૦ જેટલા અનાથ બાળકોને દેશ-વિદેશના પરિવારોમાં દત્તક અપાવીને નવું જીવન આપ્યું છે. આ ઉપરાંત, આશ્રમમાં મોટી થયેલી ૩૭૫ અંતેવાસી દીકરીઓને ધામધૂમથી પરણાવીને તેમના ઘર વસાવ્યા છે. હાલમાં આ સંસ્થા હેઠળ ચાલતી એ.વી.જશાણી વિદ્યામંદિર સ્કૂલમાં આશરે ૨,૦૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. ફિલ્ડમાર્શલ કુમાર છાત્રાલયમાં ૬૦ બાળકો અને બાલાશ્રમમાં ૧ દિવસથી લઈને ૧૮ વર્ષ સુધીની ૧૦૦ જેટલી બાલિકાઓ આશ્રય મેળવી રહી છે.

બાલાશ્રમ માત્ર બાળકો જ નહીં, પણ વડીલોનો પણ સહારો બન્યું છે. મોરબી ખાતે સંસ્થા સંચાલિત વૃદ્ધાશ્રમમાં ૧,૬૦૦થી વધુ વડીલો નિવૃત જીવન વિતાવી ચૂક્યા છે અને હાલ ૫૦થી વધુ વડીલો ત્યાં રહી રહ્યા છે. રાજકોટમાં પણ નવું અદ્યતન સિનિયર સિટીઝન હોમ એન્ડ ડે કેર સેન્ટર ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યું છે.

સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ પટેલ ફિલ્ડમાર્શલ, ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ પટેલ અને ખજાનચી પ્રવીણભાઈ અઘારા સહિતના હોદ્દેદારોએ નગરજનોને આ ત્રણ દિવસીય ઉજવણીમાં રૂબરૂ આવી બાળકોને આશીર્વાદ આપવા અપીલ કરી છે.

જ્યારે સોનાનો એક તોલાનો ભાવ રૂ.૧૪ હતો, ત્યારે રાજકોટના રાજવીએ રૂ.૧,૦૦૦ અનુદાન આપ્યું હતું આ સંસ્થાના ભવ્ય ઈતિહાસ પર નજર કરીએ તો, મોરબીના પ્રજાવત્સલ રાજવી કુમાર હરભમજી મહારાજાની પ્રેરણા અને આર્થિક મદદથી આ સંસ્થાની સ્થાપના થઈ હતી.

## 1,600 અનાથ બાળકોને મળ્યું નવું જીવન

કાઠિયાવાડ નિરાશ્રિત બાલાશ્રમે છેલ્લા ૧૧૯ વર્ષમાં ૧,૬૦૦થી વધુ અનાથ બાળકોને દેશ-વિદેશના પરિવારોમાં દત્તક અપાવીને નવું જીવન આપ્યું છે. એટલું જ નહીં, આશ્રમમાં ઉછરેલી ૩૭૫ દીકરીઓના લગ્ન કરાવીને તેમના ઘર પણ વસાવ્યા છે. આજે પણ ૧૦૦ જેટલી બાલિકાઓને આશ્રય, શિક્ષણ અને સંસ્કાર સાથે આત્મનિર્ભર જીવન માટે તૈયાર કરવામાં આવી રહી છે.

## રાજવી અને દાતાઓના સહયોગથી રચાયો સેવાનો ઈતિહાસ

છપ્પનિયા દુષ્કાળ બાદ અનાથ બાળકોના પુનર્વસન માટે ૧૯૦૮માં મોરબીના રાજવી કુમાર હરભમજી મહારાજાની પ્રેરણાથી સંસ્થાની સ્થાપના થઈ હતી. રાજકોટના રાજવી લાખાજીરાજ બહાદુર મહારાજાએ તે સમયના રૂ.૧,૦૦૦નું અનુદાન આપી સંસ્થાને મજબૂત આધાર આપ્યો હતો, સાથે જ મફત શિક્ષણ અને જમીનની પણ ભેટ આપી હતી. અનેક દાતાશ્રીઓના સહયોગથી શરૂ થયેલી આ સંસ્થા આજે અનાથ બાળકો અને વડીલો માટે વિશ્વાસનું કેન્દ્ર બની છે.

# કાંડમાં પોલીસના હાથ જ કાળા?

### વિમલનગર મર્ડર કેસ

# રાજકોટમાં પોલીસની બેદરકારીથી વૃધ્ધની હત્યા !

## ASI જયદીપસિંહ ઝાલાની બેદરકારી સામે આવી: DCPએ શો-કોઝ નોટિસ ફટકારી



**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના વિમલનગરમાં ગત તા.૧૪ જૂનને રવિવારની મધરાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિવૃત્ત કર્મચારી પ્રવીણભાઇ શાહની થયેલી નિર્મમ હત્યા અને તેમના પત્ની ઇલાબેનને ગંભીર ઇજા પહોંચાડવાના ચકચારી કેસમાં રોજ નવા ફણગા ફૂટી રહ્યા છે.

પોલીસ પ્રોટેક્શન માગવા છતાં અરજીઓ કચરાપેટીમાં નાખી ગુનેગાર સાથે સમાધાન કરવા દબાણ કરનારી યુનિવર્સિટી પોલીસ સામે ગંભીર આક્ષેપો બાદ પોલીસ તપાસના આદેશ થયા હતા. એસીપી આર.એસ. બારીઆના રિપોર્ટના આધારે આખરે યુનિવર્સિટી પોલીસ મથકના એએસઆઇ જયદીપસિંહ ઝાલાની ગંભીર બેદરકારી હોવાનું સત્તાવાર રીતે સ્પષ્ટ થતાં ડીસીપી ઝોન-૨ દ્વારા તેમને શો-કોઝ નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવતા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.

મૃતકના પુત્રી અને પૌત્રીએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં બેથી ત્રણ વખત લેખિતમાં રક્ષણ મેળવવા અને નરાધમ આરોપી વિવેક ગોસ્વામી સામે કડક પગલાં લેવા અરજીઓ કરી હતી, પરંતુ કાયદો અને વ્યવસ્થાના રખેવાળ બનવાના બદલે અમુક પોલીસ કર્મચારીઓએ પીડિત પરિવારને જ આરોપી સાથે સમાધાન કરી લેવાની મફતની સલાહ આપી કુંભકર્ણી નિદ્રા ઓઢી લીધી હતી.

ખાખીની આ જ ઘોર બેદરકારીનો ફાયદો ઉઠાવીને ઉશ્કેરાયેલા આરોપી વિવેક ગોસ્વામીએ નિવૃત્ત કર્મચારી વૃદ્ધની ક્રૂર હત્યા કરી નાખી. આ મામલે લોકોમાં ફાટી નીકળેલા રોષને પગલે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા અને એસીપી આર.એસ. બારીઆને તપાસ સોંપી હતી.ડીસીપી રાકેશ દેસાઇએ આ મામલે સ્ફોટક માહિતી આપતા જણાવ્યું હતું કે, એસીપી બારીઆએ આ તપાસ પૂર્ણ કરી ગત શનિવારે પોતાનો રિપોર્ટ સબમિટ કરી દીધો છે. પ્રાથમિક તપાસમાં એએસઆઇ જયદીપસિંહ ઝાલાની ગુનાહિત કહી શકાય તેવી બેદરકારી સામે આવી છે, જેના કારણે જ તેમને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. તેમનો સત્તાવાર ખુલાસો આવ્યા બાદ આ કેસમાં જવાબદાર તમામ અધિકારીઓ કે કર્મચારીઓ સામે આકરી ખાતાકીય અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

### ભુજમાં ફેક્ટરીના વેપારીને પોલીસ હેરાન કરતી હતી

# ફેક્ટરી ચાલુ રાખવા PSIએ 40 હજાર લાંચ લેતા ઝડપાયો

## PSI ઈન્દ્રવિજયસિંહ ગોહિલ લાંચ લેતા ACBના સકંજામાં આવ્યા

**સિટી ન્યૂઝ@ભુજ**

પશ્ચિમ કચ્છ પોલીસની કામગીરી છેલ્લા કેટલાક સમયથી ખાડે ગયેલી દેખાઈ રહી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતા વારંવાર એસએમસીની ટીમ દરોડો પાડી રહી છે. તેવામાં હવે વાયોર પોલીસ મથકનો પીએસઆઇ ફેક્ટરી ચાલુ રાખવા અને હેરાનગતિ ન કરવા માટે રૂપિયા ૫૦ હજારની લાંચ માંગી ૪૦ હજાર લીધા બાદ એસીબી ટ્રેપની ગંધ આવી જતા ફરાર થઇ ગયો હતો.પશ્ચિમ-કચ્છના વાયોર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા વર્ગ-૩ ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ઈન્દ્રવિજયસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ ગેરકાયદેસર લાંચ લેતા એસીબીના સકંજામાં આવી ગયા છે. આ કેસના જાગૃત ફરિયાદી વિરુદ્ધ વાયોર પોલીસ સ્ટેશનમાં એક ગુનો દાખલ થયેલ હતો.આ ગુનામાં ફરિયાદીને હેરાન પરેશાન નહીં કરવા તેમજ તેમની ફેક્ટરી નિર્વિઘ્ને ચાલુ રાખવા દેવાના હપ્તા પેટે આરોપી પીએસઆઈએ રૂપિયા ૫૦ હજારની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આ લાંચના નાણાં આપવા માંગતા ન હોવાથી, તેમણે એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કર્યો હતો અને ગાંધીધામ એસીબી ઓફિસે જઈને આ અંગે વિધિવત ફરિયાદ નોંધાવી હતી. એસીબી દ્વારા ૬ જુલાઈના ભુજના ગાયત્રી મંદિરના ગેટ પાસે રોડ પર લાંચના છટકાનું આયોજન કરાયું હતું. ટ્રેપ દરમિયાન આરોપી પીએસઆઈએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, રકઝકના અંતે રૂપિયા ૪૦ હજારની લાંચ સ્વીકારી લીધી હતી. જો કે, લાંચની રકમ લીધા બાદ આરોપીને કોઈ પ્રકારનો શક કે વહેમ જતાં, તે લાંચની રકમ લઈને સ્થળ પરથી નાસી જતા એસીબી ટીમને હાથ લાગ્યો ન હતો.

પશ્ચિમ કચ્છના પીએસઆઈ સામે કાર્યવાહી કરવા ગાંધીધામ ખાતે ફરિયાદ કરાઈ હતી.જેના આધારે એસીબી પોલીસ સ્ટેશન ગાંધીધામના પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. ચૌધરી



તથા તેમની ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.આ સમગ્ર ઓપરેશનનું સુપરવિઝન બોર્ડર એકમ ભુજના મદદનીશ નિયામક કે.એચ. ગોહિલ અને રાજકોટ એસીબીના ઇન્ચાર્જ નાયબ નિયામક બલદેવસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જે મામલે એસીબીએ ગુનો નોંધી આરોપી પીએસઆઈને ઝડપી લેવા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


### દિવાળીની રાત્રે યાજ્ઞિક રોડ ઉપર સર્વેશ્વર ચોક પાસે

# યુવાનની હત્યામાં આરોપી બાલીનો નિર્દોષ છૂટકારો

## ફટાકડા ફોડવા જવી નજીવી બાબતે બોલાચાલીમાં હત્યા થઈ હતી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના ધમધમતા એવા શહેરના યાજ્ઞિક રોડ નજીક સર્વેસર ચોક ખાતે દિવાળીની રાત્રે ફટાકડા ફોડવા જેવી બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખી ખેલાયેલા લોહિયાળ જંગમાં યુવાનની હત્યા અને મારામારી જેવા ગંભીર ગુનાનો કેસ ચાલી જતા અદાલતે ફરિયાદી નજરે જોનાર સાહેદો અને પંચો સહિત હોસ્ટેલ થતા હત્યારો અમરદીપ ઉર્ફે બાલી નામના શખ્સનો નિર્દોષ છુટકારો ફરમાવેલ છે. વધુ વિગત મુજબ શહેરના બજરંગ વાળી પુનિત નગર શેરી નંબર ૧૩ માં રહેતા કાર્તિક જેન્તીભાઈ સરવૈયા નામના યુવાન પર સર્વેશ્વર ચોક ખાતે દિવાળીની રાત્રે ફટાકડા ફોડવા બાબતે થયેલી બોલાચાલી નો ખાર રાખી ધાબા સંચાલક અમનદીપ ઉર્ફે બાલી કુબવતસિંગ નામના શખ્સે છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા હતા આ અંગેની મૃતકના ભાઈ પ્રકાશભાઈ સરવૈયાએ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. તા.૦૧/૧૧/૨૦૨૪ ના રોજ


સિનિયર ધારાશાસ્ત્રી
ભગીરથસિંહ ડોડિયા

રાત્રીના સાડા બારેક વાગ્યાએ પ્રકાશ અને ભાઈ કાર્તીક અમારી રેસકોર્ષ ખાતે આવેલ ભેળ ની લારીએ હતા, દીવાળી નો તહેવાર હોય જેથી મે મીત્ર મીત ભટ્ટ મોબાઈલ ફોન કરેલ અને જેથી મીત એ અમને કહેલ કે તમે અહીં સર્વેશ્વર ચોક ખાતે આવો તેવી વાત કરતા હું અને મોટો ભાઈ કાત્મિક તેમજ માસીભાઈ કેતનભાઈ વોરા ફટાકડા ફોડવા માટે યાજ્ઞીક રોડ સર્વેશ્વર ચોક પાસે ગયેલા અમો બધા પંચમીયા કરીયાણાની દુકાન પાસે ફટાકડા ફોડતા હતા. અમારી સામે બાલીસ પંજાબી ધાબાના માલીક અમરદીપ સીંગ ઉર્ફે બાલી પણ ત્યાં ફટાકડા ફોડતા હતા, ત્યારે અમરદીપ સીંગ ઉર્ફે બાલીએ ફટાકડાની લુમ મારાભાઈ કાર્તીક ઉપર નાખેલ જેથી બાલી અમારા મીત્ર મીત ભટ્ટ નો મીત્ર હોય જેથી અમો કંઈ બોલ્યા નહીં. પરંતુ થોળીવાર બાદ અમરદીપ સીંગ ઉર્ફે બાલી એ મારા ભાઈ કાર્તીક ઉપર ફરી વાર ફટાકડા ની લુમ નાખતા મારા ભાઈ કાર્તીક અને માચાય કેતન વોરાને અમરદીપ ઉર્ફે બાલી સાથે ફટાકડા માથે નાખવા બાબતે ભોલાચાલી અને ઝગડો થયેલો અને મારો મીત્ર મીત ભટ્ટ અને તેનો મીત્ર હેમલ વીઠલાણી બાલીભાઈ સાથે સમાધાન કરાવ્યું હતું.

અમરદીપ સીંગ ઉર્ફ બાલી ત્યાંથી જતા રહેલ અને આશરે સવા એક વાગ્યે હું અને મારો ભાઈ કાર્તીક તથા માસિયાઈ ભાઈ કેતન વોરા તેમજ મારો મીત્રો મીત ભટ્ટ તથા હેમલભાઈ વીઠ્ઠલાણી અને તેના મીત્રો બધા જાગનાથ શૈરી નં-૨૦/૨૧ ના ખુણા પાસે કાવેરી કોમ્પ્લેક્ષ ની નીચે ઉભા હતા. અને વાતો કરતા હતા.

ત્યારે આ અમરદીપ સીંગ ઉર્ફે બાલી અચાનક આશરે દોઢેક વાગ્યા ની આસપાસ ઈનોવા કાર લઈ ને આવેલ અને ભાઈ કાર્તીક ને અને અમને મારી નાખવાને ઈરાદે અમારા ઉપર કાર ચડાવવાની કોશીશ કરી હતી. અમરદીપ સીંગ ઉર્ફે બાલી એ છરી વડે મારા મોટાભાઈ કાર્તીકને છરીનો એક ઘા મારી દીધેલ અને હું તથા મારો માસી નો દીકરો કેતન વોરા ભાઈ ને બચાવવા વચ્ચે પડતા આ અમરદીપ સીંગ ઉર્ફે બાલી એ ફરિયાદી અને મારા માસીના દીકરા કેતન વોરાને છરી નો એક ઘા મારી દીધેલ અને ત્યાર બાદ આ અમરદીપ સીંગ ઉ હું બાલી તેની ઈનોવા કારમાં ભાગી ગયેલ હતો. અમો ત્રણેય જણાઓને મારા મીત્ર મીત ભટ્ટ અને હેમલ વીઠલાણી ખાનગી વાહનમાં સીવીલ હોસ્પીટલ માં સારવાર માં લાવેલ હતા. અને ત્યાં મને તથા મારા મોટા ભાઈ કાર્તિક અને મારા માસી ના દીકરા કેતન વોરા ને સારવાર માટે દાખલ કરેલ હતા. જ્યાં ફરજ પરના ડોક્ટર મોટા ભાઈ કાર્તીક ને જોઈ તપાસી મરણ ગયેલ નું જાહેર કરેલ છે. પોલીસે અમન ઉર્ફે બાલી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં સરકાર પક્ષ દ્વારા ફરિયાદી, નજરે જવાના સાહેદો, પંચો તબીબ અને તપાસનીશ સહિતને તપાસવામાં આવ્યા હતા. બાદ ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નીકળ્યા હતા જયારે બચ્ચાઓ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત લેખિત દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓ રજુ કર્યા હતા. બચાવ પક્ષની દલીલ અને ફરિયાદી, નજરે જોનાર સાહેદો અને પંચો હોસ્ટેલ થતા અદાલતે આરોપી અમનદીપ ઉર્ફે બાલીને નિર્દોષ છોડી મૂકવાનું હુકમ કર્યો છે.બચાવ પક્ષે એડવોકેટ તરીકે વતી સિનિયર એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા,, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દીપ વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર રોકાયેલ હતા.

# સર્વિસ પ્રોવાઈડર સાથે 5 લાખની છેતરપિંડીઃ નાણા પરત નહિ આપતા ગઠીયા સામે ગુનો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં યાજ્ઞિક રોડ પર પ્રાઈવેટ કંપનીના સર્વિસ પ્રોવાઈડર તરીકે કામ કરતા યુવાને ભુલથી આરટીજીએસમાં એક નંબર ખોટો કરતા કુકાવવાના દેવગામના શખસના ખાતામાં રૂ.પાંચ લાખ ચાલ્યા ગયા બાદ તેને બારોબાર ઉઠાવી લઈ પરત આપવાના બદલે અલગ-અલગ બહાના બતાવી નાણા નહી આપી ઠગાઈ આચર્યાની ફરીયાદ કરતા એડીવીઝન પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.શહેરના કાલાવાડ રોડ પર રહેતા અને ખાનગી કંપનીમાં પેમેન્ટ બેંકના સર્વિસ પ્રોવાઈડર રાહુલભાઈ દિનેશચંદ્ર કોઠારીએ રાજકોટ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. જેમા ગત ૨૦ મે ૨૦૨૩ના રોજ તેમની ઓફિસના કર્મચારી કિશોરભાઈ ચાવડાની નજર ચૂકથી આરટીજીએસ ટ્રાન્ઝેક્શન વાંજી પ્રાઈવેટ લી. ના સાચા ખાતાને બદલે એક આંકડાની ભૂલથી 'અભય ફેશન' ના નામે ખાતું ધરાવતા અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના દેવગામ રહેતા અક્ષયભાઈ વિભાભાઈ શિરોડીયાના કોટક મહિન્દ્રા બેંકના ખાતામાં થઈ ગયું હતું.નાણાં ખોટા ખાતામાં જમા થયાની જાણ થતાં રાહુલભાઈએ અક્ષયનો સંપર્ક કર્યો હતો. અક્ષયે શરૂઆતમાં નાણાં પરત કરવાનો વિશ્વાસ આપ્યો હતો, પરંતુ બાદમાં વારંવાર વાયદા કરી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે અક્ષયે પોતાના ખાતામાં ભૂલથી આવેલા પાંચ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. તેણે આ નાણાં મુંબઈમાં જુગારમાં પૈસા હારી ગયા સહીતના બહાના બતાવતો હોય એક માસ નાણા પરત નહી આપી છેતરપીંડી કર્યાનુ જણાવતા એડીવીઝન પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

## RTOને આંખમાં ધૂળ : જેતપૂર પોલીસે કરોડોની 10 લકઝરી સાથે ત્રણને પકડ્યા

# સૌરાષ્ટ્રમાં લકઝરી બસ 11 પણ નંબર પ્લેટ એક : કરોડોની ટેક્સ ચોરીનો ભાંડો ફૂટ્યો

સિટી ન્યૂઝ@જેતપુર

જેતપુર ઉદ્યોગનગર પોલીસ પોલીસે સુઆયોજિત આંતરરાજ્ય ટેક્સ ચોરીના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની પરિવહન નીતિ અને આરટીઓના નિયમોના ધજાગરા ઉડાવી, લાખો રૂપિયાનો રોડ ટેક્સ તથા વાહન વીમો બચાવવાના બદઈરાદે એક જ સરખા રજીસ્ટ્રેશન નંબરની પ્લેટો લગાડીને માર્ગો પર એકસાથે અનેક બસો દોડાવવાનું મસમોટું કારસ્તાન પોલીસે ઝડપી પાડ્યું છે પોલીસે અલગ-અલગ બે ગુના નોંધીને ૧૦ લક્ઝરી ટ્રાવેલ્સ બસ અને ૧ ઓમ્ની કાર સહિત કુલ ૧૧ વાહનો સહિત રૂ.૧.૫૫ કરોડનો મુદ્દામાલ કબજે કરી ટ્રાવેલ્સ સંચાલક પિતા- પુત્ર સહિત ત્રણની ધરપકડ કરી



કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકની ટીમને બાતમી મળી હતી કે, જૂનાગઢ તરફથી રાજકોટ તરફ જઈ રહેલી 'શ્રી મહાલક્ષ્મી ટ્રાવેલ્સ'ની બ્લુ કલરની સ્લીપર કોચ બસમાં ખોટી નંબર પ્લેટ લગાવેલી છે પોલીસે તાત્કાલિક પોરબંદર-રાજકોટ નેશનલ હાઈવે પર રબારીકા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. બાતમી વાળી બસ ત્યાંથી પસાર થતાં જ તેને અટકાવી આગળ-પાછળ જોતાં એ.આર. ૦૧ યુ ૯૯૦૫ નંબરની પ્લેટ માલૂમ પડી હતી જૂનાગઢના બસ ચાલક કૌશિક યોગેશ જયસ્વાલ પાસે બસના કાગળો કે ડ્રાઈવિંગ લાયસન્સ ન હતા. સઘન પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું કે, તેના નાના ભાઈના નામે રજીસ્ટર્ડ બસની વધારાની નંબર પ્લેટો આ બસ પર લગાડી ટેક્સ અને વીમો ભર્યા વગર તે બસ ચલાવતો હતો. આ દરમિયાન એ જ નંબર ધરાવતી બીજી ગુલાબી અને સફેદ કલરની બસ પણ ત્યાંથી પસાર થતાં પોલીસે તેને પણ આંતરી લીધી હતી બાદ પોલીસે તપાસ આગળ ધપાવતા જેતપુર-જૂનાગઢ હાઈવે પર બંસી ફેશનની સામે આવેલા 'પાવન ટ્રાવેલ્સ'ના ડેલામાં દરોડો પાડ્યો હતો. આ ડેલાની અંદર તપાસ કરતાં પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી, કારણ કે ત્યાં પડી રાખેલી અન્ય ચાર જેટલી ખાનગી લક્ઝરી બસોમાં પણ આગળ-પાછળ એક જ સરખો રજીસ્ટ્રેશન નંબર (GJ ૧૪ T ૦૯૩૨) મારેલી ખોટી અને બનાવટી નંબર પ્લેટો લગાડેલી મળી આવી હતી.આ તમામ બસો પણ આરટીઓના ચોપડે કોઈ જ સત્તાવાર નોંધણી કે ટેક્સ ભરપાઈ કર્યા વિના માત્ર કાગળ પર ઊભા કરાયેલા નંબરોની મદદથી ખાનગી હાઈવે રૂટ પર દોડાવવા માટે તૈયાર રાખવામાં આવી હતી.સરકારી તંત્રને ગુમરાહ કરવાના હેતુથી બનાવટી દસ્તાવેજો અને નકલી નંબર પ્લેટોનો સાચા તરીકે ઉપયોગ કરવા બદલ જેતપુર ઉદ્યોગનગર પોલીસે મોટર વાહન અધિનિયમ સહિતની કલમ હેઠળ નોંધી રેકેટના મુખ્ય સૂત્રધારો પાવન અલ્પેશ જયસ્વાલ, અલ્પેશ ઉર્ફે ટોનુ નવીનચંદ્ર જયસ્વાલ તથા કૌશિક યોગેશ જયસ્વાલ ત્રણેય ટ્રાવેલ્સ સંચાલક હોય તેની ધરપકડ કરી આગળ તપાસ હાથ ધરી હતી.

## કુવાડવા પાસે ટ્રકની ઠોકરે કાર ચડી જતા કોડીનારના આરોગ્ય કર્મચારીનું મોત

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કોડીનારના આરોગ્ય કર્મચારી લલિતભાઈ ટીલાવતનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. મૃતક પોતાના પુત્ર દેવાંગ અને મિત્ર વિકાસભાઈ જોશી સાથે ગાંધીનગર કામસર ગયા હતા, પરત આવતી વખતે બનાવ બન્યો હતો. મોતના બનાવથી પરિવારમાં શોક છવાયો હતો. આ અંગે મળતી માહિતી અનુસાર કોડીનારમાં રહેતા અને હોસ્પિટલમાં આરોગ્ય કર્મચારી તરીકે ફરજ બજાવતા લલિતભાઈ બાલકદાસ ટીલાવત તેમના પુત્ર દેવાંગ અને જૂનાગઢના મિત્ર વિકાસભાઈ લાભશંકર જોષી સાથે કારમાં ગાંધીનગર કોઈ કામ સબબ ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે કાર પુત્ર દેવાંગ ચલાવતો હતો. રાજકોટના કુવાડવા નજીક નેશનલ હાઈવે પર સચ્ચા સૌદા રેસ્ટોરન્ટ પાસે પહોંચતા પુરપાટ ઝડપે આવતા ટ્રકે કારને ઠોકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણેય વ્યક્તિને ઈજા થતા તાકીદે ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અહીં લલિતભાઈને મૃત જાહેર કરાયા હતા. દેવાંગને પ્રાથમિક સારવાર અપાઈ હતી અને વિકાસભાઈને વધુ ઈજા હોય, સારવાર માટે દાખલ કરાયા હતા કુવાડવા રોડ પોલીસે ટ્રક ચાલક સામે કાર્યવાહી કરવા આગળની તપાસ હાથ ધરી હતી. જ્યારે સારવારમાં રહેલ વિકાસભાઈ સરકારી નિવૃત્ત કર્મચારી છે. તેઓ ગાંધીનગર કામસર ગયા હતા અને ત્યાંથી પરત આવતા હતા ત્યારે આ બનાવ બન્યો હતો.

## અગાઉ ચોરીના 13 ગુનામાં પકડાયેલો શખ્સ 6 ચોરાઉ રીક્ષા સાથે ઝડપાયો

સિટી ન્યૂઝ@રાજકોટ



શહેરમાં છેલ્લા દોઢેક વર્ષમાં અડધો ડઝન ઓટો રિક્ષાઓની ચોરી કરનાર જોડિયાના જીતેન્દ્ર ઉર્ફે જીતુ ગોવિંદ પરમારને ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ ૫.૬૫ લાખની કિંમતની છ ઓટો રિક્ષાઓ કબજે કરી હતી. આ તમામ રિક્ષા તેણે બી, થોરાળા, એ.ડિવિઝન પોલીસની હદ ઉપરાંત અમદાવાદના કાલુપુર વિસ્તારમાંથી ઉઠાંતરી કરી હતી. આ અગાઉ તેની સામે રાજકોટ, મોરબી અને જામનગરમાં ચોરીના ૧૩ ગુના નોંધાયેલા છે. વેંચી નાખવા માટે રિક્ષાઓની ચોરી કરતો હતો. મુખ્યત્વે જે રિક્ષાઓના લોક ખરાબ હોય તેને ઉપરાંત ડાયરેક્ટ છેડા કરી ચોરીઓ કરતો હતો. દેખાડા ખાતર ૬ તે કડીયા કામની મજૂરી કરે છે. તેની સાથે રિક્ષા ચોરીનું પણ કરતો હતો. ક્રાઈમ બ્રાંચે તેની ઘનિષ્ઠ પુછપરછ શરૂ કરી છે. છ સિવાય વધુ કોઈ રિક્ષાઓની ચોરી કરી છે કે કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે.



## ઉપલેટાના ચિખલીયા ગામેથી 17 કિલો ગાંજા સાથે રાજકોટનો શખ્સ ઝડપાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ ગ્રામ્ય એસઓજીએ ઉપલેટાના ચિખલીયા ગામે દરોડો પાડી ૧૭ કિલો ૩૪૨ ગ્રામ ગાંજા સાથે રાજકોટના સિરાઝ હનીફ વિસર (ઉ.વ. ૨૩)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે ૮.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમાં આરોપીએ ભાયાવદરના નવાઝ અશરફ મધરા અને ઉપલેટાના વસીમ ઈકબાલ રફાઈ પાસેથી ગાંજો લાવ્યો હોવાની કબૂલાત આપતાં બંનેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરવામાં આવી છે. આરોપીના રિમાન્ડ મેળવવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

# પોસ્ટ ઓફિસમાં બે મહિનાથી પાસબુક ગાયબ, લાખો રોકાણકારો રઝળ્યા : કોંગ્રેસ

## » ગુજરાતની 9000 પોસ્ટ ઓફિસોમાં અંદાજે 2.5 કરોડ ખાતાધારકો, સિનિયર સિટીઝનો ભગવાન ભરોસે

## » ડુપ્લિકેટ પાસબુક માટે એફિડેવિટ-FIR ના કડક નિયમો, તંત્ર પાસે પ્રિન્ટિંગ માટે સ્ટેશનરી જ નથી !

સિટી ન્યૂઝ@રાજકોટ

કેન્દ્ર સરકારના 'ડિજિટલ ઈન્ડિયા' અને સુશાસનના મસમોટા દાવાઓ વચ્ચે ગુજરાતની પોસ્ટ ઓફિસોમાં વહીવટી તંત્રનું સંપૂર્ણ દેવાળું ફૂંકાઈ ગયું હોવાની વરવી વાસ્તવિકતા સામે આવી છે. છેલ્લા બે મહિનાથી રાજ્યભરની પોસ્ટ ઓફિસોમાં પાસબુક, એફ.ડી. (FD) બુક અને અન્ય સ્ટેશનરીનો જથ્થો સદંતર ખલાસ થઈ ગયો છે. જેના કારણે લાખો રોકાણકારો, ખાસ કરીને સિનિયર સિટીઝન અને મધ્યમ વર્ગના લોકો પોતાની પરસેવાની કમાણીની સુરક્ષાને લઈને ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. આજીવન બચત કરીને નિવૃત્તિનો સહારો શોધતા વૃદ્ધો માટે પોસ્ટ ઓફિસની ફિઝિકલ પાસબુક જ તેમની મૂડીનો એકમાત્ર જીવંત પુરાવો હોય છે. પરંતુ તંત્રની આ ઘોર બેદરકારીએ તેમનો આ છેલ્લો ભરોસો પણ છીનવી લીધો છે. આ ગંભીર મુદ્દે કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

હેમાંગ રાવલે તંત્રની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં આવેલી અંદાજે ૯,૦૦૦ (૮,૦૦૦ ગ્રામ્ય અને ૧,૦૦૦ શહેરી) પોસ્ટ ઓફિસોમાં ૨ થી ૨.૫ કરોડ જેટલા વિવિધ બચત ખાતાઓનું સંચાલન થાય છે. હાલમાં પોસ્ટ ઓફિસની સેવિંગ્સ, RD, FD, સિનિયર સિટીઝન સ્કીમ, સુકન્યા સમૃદ્ધિ, PPF અને કિસાન વિકાસ પત્ર જેવી તમામ નાણાકીય સેવાઓ માટે જરૂરી પાસબુકનું પ્રિન્ટિંગ જ બંધ છે. રોકાણકારો હજારો કે લાખો રૂપિયા જમા કરાવે ત્યારે તેમને પાસબુકમાં એન્ટ્રીના બદલે માત્ર પૈસા ભર્યાની સ્લીપ (Pay-in-slip) પર રબર સ્ટેમ્પ મારીને પકડાવી દેવાય છે. વરસાદની સિઝનમાં કે સમય જતાં આ કાપલીઓની શાહી ભૂંસાઈ જાય કે કાગળ ફાટી જાય તો ગરીબ કે મધ્યમ વર્ગના માણસ પાસે પોતાના જમા નાણાં સાબિત કરવાનો બીજો કયો વિકલ્પ બચે? "આ કાગળની કાપલીઓ લોકો ક્યાં સુધી અને કેવી રીતે સાચવશે? સર્વર ડાઉન થાય કે સિસ્ટમમાં જમાની કોઈ પ્રિન્ટેડ એન્ટ્રી જ ન મળે, તો ભવિષ્યમાં પોસ્ટ ઓફિસોમાં કરોડોના આર્થિક કૌભાંડો અને ગેરરીતિઓ થવાની પૂરેપૂરી શક્યતા છે," તેવો વેધક સવાલ તેમણે ઉઠાવ્યો છે. સરકારની નીતિઓની આકરી આલોચના કરતા તેમણે ઉમેર્યું કે, તંત્રના બેવડા માપદંડો તો જુઓ! જો કોઈ સામાન્ય નાગરિકની પાસબુક ખોવાઈ જાય કે ફાટી જાય, તો ડુપ્લિકેટ કઢાવવા માટે તેણે ૩૦૦ ના સ્ટેમ્પ પર એફિડેવિટ અને પોલીસ ફરિયાદ કરવી પડે છે. આટલી કાયદાકીય માથાકૂટ અને આર્થિક ખર્ચ કર્યા પછી જ્યારે તે નવી પાસબુક લેવા જાય છે, ત્યારે તંત્ર 'સ્ટેશનરી નથી' કહીને હાથ અધ્ધર કરી દે છે. આટલી લાંબી કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવા છતાં ખાતેદારને ખાલી હાથે જ પરત ફરવું પડે છે, કારણ કે એસી ચેમ્બરમાં બેસતા બાબુઓને પ્રજાની હાલાકીની કોઈ પડી નથી. તંત્ર સામાન્ય જનતાને નિયમોના નામે પીસે છે અને કાયદાનો ડર બતાવે છે, પરંતુ પોતાની પાયાની ફરજ બજાવવામાં અને પૂરતો સ્ટોક જાળવવામાં સદંતર નિષ્ફળ નીવડ્યું છે.



સામાન્ય જનતાને ખાનગી બેન્કો તરફ ધકેલવાનું આયોજનબદ્ધ ષડયંત્ર હોવાનો કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલનો આક્ષેપ

### ખાનગી બેંકોને ફાયદો કરાવવાનું ષડયંત્ર?

**ઉત્સવો અને તાયફાઓ પાછળ કરોડો ઉડાડતી સરકારને આડેહાથ લેતા રાવલે આક્ષેપ કર્યો છે કે, વડીલો અને પેન્શનરો ખાનગી બેંકોના જોખમથી બચીને પોસ્ટ ઓફિસ પર ભરોસો કરે છે. પરંતુ તેમને પાસબુક ન આપીને અસલામતી ઊભી કરવામાં આવી રહી છે. શું સરકારી બાબુઓ અને નેતાઓની મિલીભગતથી સામાન્ય જનતાનો પોસ્ટ ઓફિસ પરથી વિશ્વાસ ઉઠાડીને તેમને ખાનગી બેન્કો તરફ ધકેલવાનું આ કોઈ આયોજનબદ્ધ ષડયંત્ર છે? કોંગ્રેસે અત્યંત કડક શબ્દોમાં માંગ કરી છે કે, પ્રજાના નાણાંની સુરક્ષા એ સરકારની નૈતિક અને બંધારણીય જવાબદારી છે. તંત્ર તાત્કાલિક ઘોર નિંદ્રામાંથી જાગે અને યુદ્ધના ધોરણે પાસબુકો અને FD બુકોનો જથ્થો પૂરો પાડે. જો આમ નહીં થાય તો ભવિષ્યમાં પ્રજાના નાણાં સાથે થતા કોઈપણ ચેડાં કે હાલાકી માટે સંપૂર્ણપણે સરકાર જ જવાબદાર ઠરશે.**

# મવડીમાં અહીં રીક્ષા પાર્ક કરશો તો પિતા-પુત્રને જાનથી મારી નાખીશ કહી ધમકી


## » અગાઉ ભંગારના ધંધાર્થી સામે બે ગુના નોંધાયા બાદ તાલુકા પોલીસમાં વળતી ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

તાલુકા પોલીસે મવડી ગામ તળ પટેલ શેરી ખોડિયાર માતાજીના મંદિર સામે રહેતાં મગનભાઈ મેઘજીભાઈ રીબડીયાની ફરિયાદ પરથી મવડીમાં બાપા સિતારામ ચોકમાં રહેતાં પ્રતિક ચનાભાઈ સોરઠીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. મગનભાઈએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે અમારી આ ડેલાની જગ્યામાં પ્રતિક સોરઠીયાએ ગેરકાયદેસર બાંધકામ કર્યુ છે, જે ઘણા સમયથી અમારી સાથે માથાકુટ કરતાં આવે છે અને ધાકધમકી આપે છે. અગાઉ પણ ઘણીવાર અમારી માલિકીની જગ્યામાં તેની બોલેરો પાર્ક કરી અમારી સાથે બોલાચાલી કરી હતી. જેથી અમે તે વખતે તેના વિરૂધ્ધ અરજી કરી હતી. આ કારણે મનદુખ ચાલતું આવે છે. અવાર-નવાર અમારા ભંગારના ડેલા પાસે તે બાઇક પર આવી ગમે તેમ ગાળો દઇ ધમકી દઇ જતાં રહે છે. આ રીતે પ્રતિક સોરઠીયા માનસિક ત્રાસ આપે છે. મગનભાઈએ વધુમાં ફરિયાદમાં જણાવ્યું છે કે ગત ૧૮/૬ના નવેક વાગ્યે હું અને મારો દિકરો વિપુલભાઈ અમારા ભંગારના ડેલે હતાં ત્યારે પ્રતિક મોટરસાઇકલ પર આવેલ, તે પ્રથમ તેમના ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરવા ગયેલ. બાદ અમારા ભંગારના ડેલા પાસે અમારી માલિકીની જગ્યામાં મારી થ્રીવ્હીલર માલવાહક કોઈને નડે નહિ તેમ પાર્ક કરેલ હોઇ છતાં તેણે કહેલું કે આ રિક્ષા વચ્ચે કેમ મુકી છે? આ કહી મને અને મારા દિકરાને ગાળો દીધી હતી અને ઉશ્કેરાઇ જઇ જો હવે પછી અહિ રિક્ષા રાખશો તો તમને બાપ-દિકરાને જાનથી મારી નાંખીશ તેમ કહી ધમકી આપી જતાં રહ્યા હતાં. તાલુકા પીએસઆઈ પી. જી. આલએ મગનભાઈની ફરિયાદ પરથી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભરતભાઈ ઢોલરીયા કાલે જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



સૌરાષ્ટ્ર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ, ભાજપ શિક્ષક સેલના પૂર્વ સંયોજક તેમજ રાધિકા સ્કૂલ એન્ડ હોસ્ટેલ (ત્રંબા)ના ચેરમેન ભરતભાઈ મૂળજીભાઈ ઢોલરીયા આવતીકાલે તા. ૯ જુલાઈએ પોતાનો જન્મદિવસ સાદગીપૂર્ણ રીતે ઉજવશે. સૌમ્ય સ્વભાવ અને લોકહિતની ભાવના ધરાવતા ભરતભાઈ ઢોલરીયા છેલ્લા બે દાયકાથી શિક્ષણ, સંગઠન અને સામાજિક ક્ષેત્રે સેવાકાર્ય કરી રહ્યા છે. તેઓ શૈક્ષણિક પ્રશ્નોના નિરાકરણ તેમજ રાધિકા સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત રહ્યા છે. રાજકીય ક્ષેત્રે તેઓ ભાજપ શિક્ષક સેલના પૂર્વ સંયોજક, રાજકોટ શહેર ભાજપના પૂર્વ સહ-સંયોજક તેમજ વર્ષ ૨૦૦૪થી ભાજપ વોર્ડ નં. ૧૪ના યુવા પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે. ઔદ્યોગિક ક્ષેત્રે તેઓ છેલ્લા ૨૦ વર્ષથી બાલાજી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ તરીકે નેતૃત્વ આપી રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે શિક્ષણજગત, સામાજિક સંસ્થાઓ, રાજકીય આગેવાનો અને શુભેચ્છકો દ્વારા શુભકામનાઓ પાઠવાઈ રહી છે.

# ગોપાલે મમ્મીને નીશી કયાં છે તેવું પુછ્યું અને મમ્મીની આંખમાં દડદડ આંસુ વહેવા લાગ્યા




સાંજે ગોપાલ બેરેકમાં આવ્યો. રોજના ક્રમ પ્રમાણે વિરાંગ પણ સમયસર આવી ગયો હતો. તેણે જમી લીધું હતું. વિરાંગે તેને જોતાં જ કહ્યું, "ફ્રેશ થઈ જા. આપણે વાત કરીએ."ગોપાલે હાથ પગ મોઢું ધોયાં. પોતાનું જમવાનું લીધું અને વિરાંગને ઈશારો કરીને પાસે બોલાવ્યો. ગોપાલે પૂછ્યું, "જમ્યો?"વિરાંગે હસતાં હસતાં કહ્યું, "હું તો હવો ચોવિયાર કરું છું. સૂર્યાસ્ત પહેલાં જમી લેવાનું."

ગોપાલે જમવાનું શરૂ કર્યું. વિરાંગે કહ્યું, "મેં તને કહ્યું હતુંને કે, તારા અવાજમાં દમ છે. આજે અંધજન મંડળના સાહેબ આવ્યા હતા. તારું રેકોર્ડિંગ સાંભળતાં જ તેમણે મને પૂછ્યું હતું કે, આ છોકરો કયાં છે? એ તને મળવા માગતા હતા, પણ તું નોકરી પર હતો. સાહેબે કહ્યું છે કે, આવતીકાલથી જ કામ શરૂ કરી દેજે."

ગોપાલ હાથમાં કોળિયો લઈને સાંભળતો જ રહ્યો. વિરાંગે તેની સામે જોતાં કહ્યું, "જમવાનું ચાલું રાખ ભાઈ."આજે ગોપાલને જેલનું જમવાનું પણ સ્વાદિષ્ટ લાગી રહ્યું હતું. વિરાંગે કહ્યું, "આવતીકાલે બપોરે તારી ઑફિસમાં રિસેસ પડે ત્યારે બે-ત્રણ કલાક ગાંધીયાર્ડમાં આવી જજે. હું તને રેકોર્ડિંગ શીખવાડી દઈશ. તને એક કલાક રેકોર્ડિંગના ૬૦ રૂપિયા મળશે."

ગોપાલ મનમાં અનેક વિચારો અથડાવા લાગ્યા કે, કેટલા કલાક રેકોર્ડિંગ થશે? કેટલા રૂપિયા મળશે? મહિને કેટલા થશે? ઘરે કેટલા મોકલી શકીશ? વગેરે. વિરાંગે તેની સામે જોતાં કહ્યું, "ઓ શેખચલ્લી, દિવસમાં દોઢબે કલાક કરતાં વધુ રેકોર્ડિંગ થાય નહીં."

ગોપાલ રાતે તો તરત સૂઈ ગયો, ખબર નહીં કેમ, આજે તેને વહેલી ઊંઘ આવી ગઈ. તેને ઘરનો પણ કોઈ વિચાર આવ્યો નહીં. કદાચ હવે તે જેલના માહોલથી ટેવાઈ ગયો હતો.

બીજા દિવસે સવારે બંધી ખુલી એટલે તે મોઢું ધોઈને ચાની રાહ જોતો હતો. ચા આવી ત્યારે ચાની પેડલરિક્ષા પાસે ચા લેવા ઊભા રહેલા કેદીઓ પેડલરિક્ષાવાળા સાથે કંઈક વાત કરી રહ્યા હતા. શરૂઆતમાં તો ગોપાલે એ તરફ ધ્યાન આપ્યું નહીં, પણ તેના કાને બાબલા બેરેક શબ્દ સંભળાયો. તરત તેણે પેડલરિક્ષા લઈને આવેલા કેદીને પૂછ્યું, "શું થયું બાબલા બેરેકમાં?"


કેદીએ ચા ભરતાં ભરતાં કહ્યું, "કોઈ મિયાંભાઈ બાબલામાં બેભાન પડ્યો હતો. તેને દવાખાને લઈ ગયા છે."ગોપાલે પૂછ્યું, "મિયાંભાઈ? શું નામ છે તેનું?"ચા લઈને આવેલા કેદીએ કહ્યું, "અરે ભાઈ, ત્રણ હજાર કેદીમાં બધાના નામ થોડા યાદ રહે? પણ કોઈ પાકો કેદી છે. હજી બે-ત્રણ મહિના જ થયા છે."ગોપાલનું હૃદય ઝડપથી દોડવા લાગ્યું. તેના મગજમાં નકારાત્મક વિચાર આવવા લાગ્યા. તેણે ચાની વાટકી પાળી પર મૂકી અને બંધી અમલદારને બૂમ પાડીને કહ્યું, "માસ્તર... હું આવું છું."

આટલું કહીને એણે દોટ મૂકી. દોડતો દોડતો તે યાર્ડની બહાર નીકળ્યો અને બાબલા બેરેક તરફ ગયો. ત્યાં તેને સામે જ સલીમ આવતો દેખાયો. ગોપાલ એકદમ રોકાઈ ગયો. સલીમ પણ વિચારમાં પડ્યો કે, ગોપાલ તેને જોઈને કેમ રોકાઈ ગયો? સલીમ ચાલતો ચાલતો તેની પાસે આવ્યો. ગોપાલે પહેલાં તેની સામે જોયું. પછી તેના ચહેરાને, તેના હાથ અને પગને સ્પર્શ કર્યો. ગોપાલ એકદમ તેને ભેટી પડ્યો. આંખમાં આંસુ સાથે પૂછ્યું, "ભાઈ, તું ઠીક તો છેને?"સલીમ કંઈ જ સમજ્યો નહીં. તેણે ગોપાલને છાનો રાખતાં પૂછ્યું, "ભાઈ શું થયું? વાત તો કર. આમ રડે છે કેમ?"

ગોપાલ બાજુમાં રહેલા ઓટલા પર બેસી ગયો. એ રીસતર ધ્રૂજી રહ્યો હતો અને તેની આંખમાં આંસુ હતા. સલીમને હેમખેમ જોઈને ગોપાલના જીવમાં જીવ આવ્યો. પેલા ચા આપવા આવેલા કેદીએ ગોપાલને કહ્યું હતું કે, બાબલા બેરેકમાં કોઈ મિયાંભાઈ બેભાન થઈ ગયો છે. એ સાંભળીને જ ગોપાલને ફાળ પડી હતા. ગોપાલે માની લીધું હતું કે, એ સલીમની જ વાત કરે છે. ગોપાલને આવો વિચાર આવ્યો એટલે તે ડરી ગયો હતો. તેને મનમાં થયું હતું કે, જો સલીમને કંઈ થઈ જશે તો? તો તો પોતે એકલો પડી જશે! પણ સલીમે એને સંભાળી લીધો અને તેની ઑફિસ બેરેક સુધી મૂકવા પણ સાથે આવ્યો.

ગોપાલ અને સલીમ ભલે અલગ અલગ બેરેકમાં રહેતા હતા, પણ ગોપાલનો જીવ હજી પણ સલીમમાં હતો. ઘણી વખત તેને થતું કે, સલીમને પોતાની બેરેકમાં જગ્યા મળી જાય તો સારું, પણ સલીમ માનતો જ નહોતો. તે કહેતો કે, "ભાઈ, તારી ઑફિસ બેરેકમાં આપણને ન ફાવે. આપણે તો સાવ મુફલીસ માણસ છીએ."

ગોપાલ તૈયાર થઈને ઑફિસે જવા નીકળતો હતો. મુલાકાતરૂમમાંથી સંદેશો આવ્યો કે, તેની મુલાકાત આવી છે. ગોપાલ રજા પર જઈને પાછો આવ્યો, ત્યારપછી તેની આ પહેલી મુલાકાત હતી. ગોપાલને સારું લાગ્યું. તેણે વિચાર્યું કે, કદાચ નિશી જ આવી હશે. કારણ, પંદર દિવસ થઈ ગયા હતા, તેણે નિશીને જોઈ



પ્રશાંત દયાળ

નહોતી. તેનો ફોન કરવાનો વારો હતો, ત્યારે તેણે ઘરે ફોન કર્યો હતો. પણ મમ્મીએ કહ્યું હતું કે, નિશી બહાર ગઈ છે એટલે વાત થઈ શકી નહોતી.

ગોપાલ મુલાકાતરૂમમાં દાખલ થયો. તેણે બારીક જાળીમાંથી પેલી તરફ ઊભી રહેલી મમ્મીને જોઈ. તે મમ્મીની આસપાસ પાસ જોવા લાગ્યો. એની નજર નિશીને શોધી રહી હતી, પણ તેને નિશી દેખાઈ નહીં. ગોપાલ જાળી પાસે આવીને ઊભો રહ્યો. મમ્મી તરત જાળી પાસે આવી. તેની આંખોમાં પણ ગોપાલને જોતાં જ ચમક આવી ગઈ. તેણે તરત પૂછ્યું, "કેમ છે ગોપુ?"

મમ્મી ખુશ હોય ત્યારે તે ગોપાલને ગોપુ કહેતી હતી. મમ્મીને થતું હતું કે, એ તેના ગોપુના માથેર હાથ ફેરવીને વ્હાલ કરે, પણ વચ્ચે રહેલી જાળી તેમનાં પ્રેમને આડે આવતી હતી. ગોપાલે પૂછ્યું, "હું તો મજામાં છું. તું કેમ છે મમ્મી?"

"સારું છે બેટા."આ સંવાદ વચ્ચે પણ ગોપાલની નજર આસપાસ ફરી રહી હતી. તેણે તરત પૂછ્યું, "મમ્મી, નિશી કયાં છે?"મમ્મી એકદમ શાંત થઈ ગઈ. એનો ચહેરો પણ પડી ગયો. તેણે કહ્યું, "બેટા એ નથી આવી."ગોપાલે પૂછ્યું, "એની તબિયત તો સારી છેને?" મમ્મીએ કહ્યું, "હા બેટા, તબિયત તો સારી છે." તો પછી એ કેમ નથી આવી? આવો પ્રશ્ન ગોપાલના ચહેરા ઉપર હતો. જે મમ્મીએ વાંચી લીધો અને કહ્યું, "બેટા, એ એના પપ્પાના ઘરે ગઈ છે."

ગોપાલને તરત યાદ આવ્યું કે, નિશીએ તેને પપ્પાના ઘરે જવા માટે પૂછ્યું હતું. ગોપાલે કહ્યું, "હા મમ્મી, તે દિવસે અમે ફરવાં ગયાં ત્યારે તેણે મને પૂછ્યું હતું. ત્યારે મેં જ તેને કહ્યું હતું કે, તારા પપ્પાના ઘરે જવામાં મને શું પુછવાનું?"

ગોપાલના જવાબ પછી પણ મમ્મીનો ચહેરો હજી ગંભીર જ હતો. ગોપાલને લાગી રહ્યું હતું કે, નિશી પોતાના પપ્પાના ઘરે ગઈ છે, મામલો માત્ર એટલો જ નથી. બીજી કોઈ વાત પણ છે. કદાચ મમ્મી ખુલીને કહેતી નથી. ગોપાલે આસપાસ જોયું અને મમ્મીની આંખોમાં જોઈને પૂછ્યું, "મમ્મી શું વાત છે?"

મમ્મીની આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. મમ્મીને તરત ખ્યાલ આવ્યો કે, એ જેલના મુલાકાતરૂમમાં છે. તેણે તરત સાડીનો પાલવ આગળ કર્યો અને આંસુ લૂંછ્યા. ધીરે રહીને ગોપાલને કહ્યું, "કોઈ વાત નથી બેટા. તું ચિંતા કરીશ નહીં. બધુ જ બરાબર છે. આ તો નિશી પપ્પાના ઘરે ગઈ, એટલે મને એની યાદ આવી. બાકી બીજું કંઈ નથી."


ગોપાલ કંઈ જ બોલ્યો નહીં, પણ એનું મન એવું કહી રહ્યું હતું કે, વાત કંઈક જુદી જ છે અને મમ્મી કારણ કંઈક જુદું આપી રહી છે. હવે સાચી વાત જાણવાનો એક જ રસ્તો હતો. રાકેશ. પણ રાકેશ જેલ પર આવવા તૈયાર નહોતો. ગોપાલ પણ વ્યથિત થઈ ગયો. શું કરવું એની ખબર પડતી નહોતી. એવામાં સિપાહીએ બૂમ પાડી, "ચાલો... મુલાકાતનો સમય પૂરો થયો છે." (ક્રમશઃ)

### મહિલા કોંગ્રેસ અને ગજેન્દ્રસિંહ ઝાલાની રજૂઆત

# ગોકુલધામ આવાસ યોજનામાં નર્કાગાર સ્થિતિ, સુવિધા આપવામાં મનપા નિષ્ફળ

» રાજકોટને 'શિકાગો' બનાવવાની ગુલબાંગો મારતા શાસકોની પોલ ખોલતી મહિલા કોંગ્રેસ

» વોર્ડ 12 ડાલીબાઈ છાત્રાલય પાછળ ગંદકી, અંધારપટ અને ખાડાઓનું સામ્રાજ્ય






**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના શાસકો ભલે શહેરને 'શિકાગો' બનાવવાના અને 'સ્વચ્છ ભારત'ના મસમોટા બણગાં ફૂંકતા હોય, પરંતુ શહેરની આવાસ યોજનાઓની વાસ્તવિકતા અત્યંત ભયાવહ છે. વોર્ડ નં. ૧૨ માં કૃષ્ણનગર મેઇન રોડ પર, ડાલીબાઈ છાત્રાલયની પાછળ આવેલી ગોકુલધામ આવાસ યોજનામાં પ્રાથમિક સુવિધાઓના સદંતર અભાવે સ્થાનિકોનું જીવન નર્ક સમાન બની ગયું હોવાનો આક્રોશ રાજકોટ શહેર મહિલા કોંગ્રેસના મહામંત્રી સરલાબેન પાટડીયાએ વ્યક્ત કર્યો છે.

સરલાબેન પાટડીયાએ મનપાની નિષ્ફળતાનો ચિતાર આપતા જણાવ્યું હતું કે, ગોકુલધામ આવાસ યોજનામાં ક્યાંય સફાઈ થતી નથી અને ચારેકોર ગંદકી તથા કાદવ-કીચડનું સામ્રાજ્ય છે. આંતરિક રસ્તાઓ સંપૂર્ણપણે ભાંગીને તૂટી ગયા છે અને ઠેર-ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે. આ ખાડાઓમાં ગંદુ પાણી ભરાઈ રહે છે. રસ્તાઓ પર લીલ અને શેવાળ જામી ગયા હોવાથી બાઈક ચાલકો સ્લિપ થઈને અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આ ઉપરાંત રાત્રિના સમયે અહીં કાયમ અંધારપટ છવાયેલો રહે છે, છતાં મનપાના કોઈ અધિકારીઓ અહીં ફરકવાની તસ્દી લેતા નથી.

તંત્ર પર આકરા પ્રહારો કરતા તેમણે ઉમેર્યું કે, મહાનગરપાલિકામાં કમિશનરો, મેયરો અને કોર્પોરેટરો



TG-RMCGOV-S

Thank You.

RMC-Dear Citizen, Your Complaint No 26272593 related to BANDHKAM MISCELLANEOUS is registered Thank You.

Your Complaint no 26272574 was solved successfully. Please give feedback https://www.rmc.gov.in/CC ?CC=CFMUTQ RMC. Now you can also register your complaint on 155304.

બદલાતા રહે છે, પરંતુ આવાસ યોજનાના પ્રશ્નો આજે પણ અધ્ધરતાલ જ છે. 'જ્યાં માનવી ત્યાં સુવિધા'નું સૂત્ર મનપા માટે માત્ર કાગળ પૂરતું સીમિત રહી ગયું છે.

આ ગંભીર સમસ્યાઓ અંગે મહિલા કોંગ્રેસ દ્વારા મનપાના કોલ સેન્ટરમાં (ફરિયાદ નં. ૨૬૨૭૨૫૯૩ અને ૨૬૨૭૨૫૯૪) વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ઉપરાંત સિનિયર કોંગ્રેસ આગેવાન ગજેન્દ્રસિંહ ઝાલાએ પણ વોર્ડ નં. ૧૨ ના સંબંધિત અધિકારીઓનો ટેલિફોનિક સંપર્ક કરી ગોકુલધામ આવાસમાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા કડક શબ્દોમાં સૂચના આપી હતી.



# જંગલેશ્વરમાં ડિમોલિશનના કાટમાળથી ભરાયેલા વરસાદી પાણીનો કોર્પોરેટરોએ તાત્કાલિક નિકાલ કરાવ્યો

» વોર્ડ નં. ૧૬ ના જાગૃત કોર્પોરેટરોએ અધિકારીઓને સ્થળ પર બોલાવી JCB ની મદદથી રસ્તો ખુલ્લો કરાવ્યો

» દીપિબેન સોલંકી સહિતની ટીમના સતત પ્રયાસોથી સ્થાનિકો પરથી પૂરનું મોટું સંકટ ટળ્યું: સફળ રજૂઆતના પડઘા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં નજીવા વરસાદમાં પણ લોકોના ઘરોમાં ગોઠણભેર પાણી ભરાઈ જવા અને શેરી-ગલીઓ નદીમાં ફેરવાઈ જવી એ હવે સામાન્ય બાબત બની ગઈ છે. મનપાના શાસકો ભલે પ્રિ-મોન્સૂન કામગીરીના બણગાં ફૂંકતા હોય, પરંતુ આ કામગીરી માત્ર કાગળ પર જ હોવાની વાસ્તવિકતા જંગલેશ્વર વિસ્તારમાં ખુલ્લી પડી હતી. જોકે, વોર્ડ નં. ૧૬ ના જાગૃત કોર્પોરેટરોના સમયસૂચક પગલાંને કારણે જંગલેશ્વરમાં મોટી આફત આવતા ટળી છે.

તાજેતરમાં જંગલેશ્વર વિસ્તારમાં મનપા દ્વારા ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ તંત્રની ઘોર બેદરકારી એ હતી કે ડિમોલિશન બાદ કાટમાળના મોટા ઢગલાઓ સ્થળ પર જ છોડી દેવામાં આવ્યા હતા. આ કાટમાળના કારણે વરસાદી પાણીના નિકાલના તમામ રસ્તાઓ બંધ થઈ ગયા હતા. જો સુરત, કેશોદ કે માંગરોળની જેમ અહી ભારે વરસાદ ખાબક્યો હોત, તો સમગ્ર જંગલેશ્વર વિસ્તાર જળબંબાકાર થઈ જાત અને લોકોના ઘરો ડૂબી જવાની પૂરી શક્યતા હતી.

આ ગંભીર અને ભયજનક સ્થિતિને જોતા વોર્ડ નં. ૧૬ ના કોર્પોરેટરો દીપિબેન સોલંકી, રસીલાબેન ગરૈયા, ઇબ્રાહીમભાઈ સોરા અને અર્જુનભાઈ ચૌહાણ તાત્કાલિક મેદાનમાં આવ્યા હતા. તેઓએ આળસુ અધિકારીઓને રૂબરૂ સ્થળ પર બોલાવ્યા હતા અને સ્થિતિની ગંભીરતાનો ચિતાર આપી તાત્કાલિક કામગીરી શરૂ કરવાની કડક સૂચના આપી હતી.

કોર્પોરેટરોની આ ઉગ્ર રજૂઆતના તાત્કાલિક અને સફળ પડઘા પડ્યા હતા. તંત્ર દ્વારા તુરંત જ JCB મશીનો મંગાવીને રસ્તા વચ્ચેથી કાટમાળ હટાવવાની અને વરસાદી પાણીના નિકાલ માટેની અવરોધિત વ્યવસ્થાને યુદ્ધના ધોરણે ખુલ્લી કરાવવામાં આવી હતી. કોર્પોરેટરોની આ સક્રિયતાના કારણે સ્થાનિક નાગરિકોએ મોટી રાહતનો શ્વાસ લીધો છે.

## અવસાન નોંધ



જાણીતા સિનિયર એડવોકેટ (આર. એમ. વારોતરીયા) રાજશીભાઈ વારોતરીયા ના ધર્મપત્ની તે એડવોકેટ દિનેશભાઈ, શિલ્પાબેન, પ્રતીક્ષાબેન,ના માતૃશ્રી સ્વ શ્રીમતી હેમીબેન રાજશીભાઈ વારોતરીયા આજરોજ દુખ અવસાન થયેલ છે.

તેમનું બેસણું તારીખ ૯/૭/૨૦૨૬ ગુરુવારને સાંજે:-૪-૦૦થી૬-૦૦ વાગ્યે પારસ કોમ્યુનિટી હોલ , નિર્મલા કોન્વેન્ટ સ્કૂલની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

# ગંગેશ્વર મહાદેવ મંદિરે મહાકાળી માતાજી અને કાળભૈરવ દાદાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ



**» 11થી 13 જુલાઈએ નગરયાત્રા, થેલેસેમિયા બાળકો માટે રક્તદાન કેમ્પ અને મહા આરતી સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન**

રાજકોટ

ગાંધીગ્રામ સ્થિત શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાકાળી માતાજી તથા કાળભૈરવ દાદાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૧થી ૧૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ભવ્યાતિભવ્ય રીતે યોજાશે. આ પવિત્ર મહોત્સવમાં મહંત શ્રી જીતુગીરી ગોસ્વામી, મહંતશ્રી હંસગીરી મહારાજ (ગુરુ શ્રી સૂર્યનારાયણગીરી મહારાજ) સહિત સંત-મહંતોની પાવન ઉપસ્થિતિ રહેશે. તા. ૧૨ જુલાઈ, રવિવારે બપોરે ૩થી સાંજે ૭ વાગ્યા સુધી ભવ્ય નગરયાત્રા યોજાશે. નગરયાત્રા શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિરથી પ્રસ્થાન કરી સ્ટર્લિંગ હોસ્પિટલ, નાણાવટી ચોક, સતવારા સમાજની વાડી થઈ પુન મંદિર ખાતે પરત ફરશે. તા. ૧૩ જુલાઈ, સોમવારે સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી થેલેસેમિયા પીડિત બાળકો માટે વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં વધુ રક્તદાતાઓને હાજર રહી માનવસેવાના આ પુણ્યકાર્યમાં જોડાવા આયોજકોએ અપીલ કરી છે. તે જ દિવસે સાંજે ૭ વાગ્યે શ્રી ચમત્કારી હનુમાનજી મંદિર યુવા મંડળ દ્વારા ભવ્ય મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણ દિવસીય મહોત્સવમાં પરિવાર સાથે ઉપસ્થિત રહી દર્શન, નગરયાત્રા, રક્તદાન કેમ્પ અને મહા આરતીનો લાભ લેવા આયોજક સમિતિએ ભાવિકોને આમંત્રણ પાઠવ્યું છે.આ અંગે માહિતી આપવા મહંત શ્રી સાંકેતગીરી ગોસ્વામી, વિશાલભાઈ કવા, સાગરભાઈ કણજારીયા, અતુલભાઈ રાઠોડ, પરેશભાઈ બુમતરીયા અને નિલેશભાઈ અવકા સિટી ન્યૂઝની મુલાકાતે આવ્યા હતા.



# ક્રાઈસ્ટ કોલેજમાં 'Beyond Book' પહેલ સાથે શૈક્ષણિક વર્ષનો પ્રારંભ

### એક અઠવાડિયાના સ્કિલ બેઝ્ડ ટ્રેનિંગમાં ઈન્ડસ્ટ્રી નિષ્ણાતો વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ વિકાસ, AI અને લીડરશિપના પાઠ ભણાવશે

સિટી ન્યૂઝ@રાજકોટ

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ, રાજકોટ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં નવા પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરી ઓરિએન્ટેશન ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાન ઉપરાંત જીવનકૌશલ્ય અને વ્યક્તિત્વ વિકાસ માટે તૈયાર કરવાના હેતુથી "Skill Based Education Beyond Book" અંતર્ગત એક અઠવાડિયાના વિશેષ કૌશલ્ય આધારિત તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને સંસ્થાના મૂલ્યો, શૈક્ષણિક માહોલ, શિસ્ત અને સર્વાંગી વિકાસ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. વિવિધ ક્ષેત્રોના કોર્પોરેટ ટ્રેનર્સ અને ઈન્ડસ્ટ્રી નિષ્ણાતો દ્વારા અસરકારક સંવાદ કૌશલ્ય, વ્યક્તિત્વ વિકાસ, ટીમ બિલ્ડિંગ, બિઝનેસ ઈમોશન્સ, માઈન્ડ પાવર, સેલ્ફ કેર એન્ડ ગ્રૂમિંગ સહિતના વિષયો પર તાલીમ આપવામાં આવશે.

નવા વિદ્યાર્થીઓને સમગ્ર કેમ્પસ અને વિવિધ વિભાગોથી પરિચિત કરાવવા માટે ટ્રેઝર હન્ટ જેવી સર્જનાત્મક પ્રવૃત્તિનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કેમ્પસના ડાયરેક્ટર ડૉ. ફાધર જોમોન થોમને વિદ્યાર્થીઓનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આજના યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), વુમન એમ્પાવરમેન્ટ અને સ્માર્ટ સ્કિલ બેઝ્ડ લર્નિંગ ભવિષ્યના વિકાસના મુખ્ય આધારસ્તંભ છે. તેમણે વિદ્યાર્થીઓને દેશના વિકાસમાં સક્રિય ભાગીદાર બનવા પ્રેરિત કર્યા તેમજ મેનેજમેન્ટ અને સેલ્ફ કોન્ફિડન્સ અંગે વિશેષ સેમિનાર યોજવાની જાહેરાત કરી હતી.

આ તાલીમ કાર્યક્રમમાં ડૉ. સ્વાતિ દોશી, વ્યોન ફર્નાન્ડિસ, ભૌમિક ભટ્ટ, રિચા ભાગદેવ, ડૉ. અભિજીતસિંહ વાળા, નિમિત ગણાત્રા, અક્ષિત ગોંધિયા સહિતના ઈન્ડસ્ટ્રી નિષ્ણાતો વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે.

વિદ્યાર્થીઓએ ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસની આધુનિક સુવિધાઓ, હકારાત્મક શૈક્ષણિક વાતાવરણ અને વિદ્યાર્થીકેન્દ્રિત અભિગમની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, અહીં અભ્યાસ કરવાની તક તેમના માટે ગૌરવની બાબત છે.

# મહારાષ્ટ્રની વરસાદીમાં મૃત્યુ પામેલા 13 લોકોના પરિવારોને પૂ. મોરારિબાપુની સહાય

### દરેક પરિવારને 15 હજાર લેખે કુલ 1.95 લાખની આર્થિક મદદની જાહેરાત; દિવંગતોને શ્રદ્ધાંજલિ પાઠવી

સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-રાજુલા



મહારાષ્ટ્રમાં અતિભારે વરસાદને કારણે સર્જાયેલી વિવિધ દુર્ઘટનાઓમાં મૃત્યુ પામેલા ૧૩ લોકોના પરિવારોને રામકથાકાર પૂજ્ય મોરારિબાપુએ કુલ ૧.૯૫ લાખની આર્થિક સહાય જાહેર કરી છે. મુંબઈ નજીક માનખૂર્દ વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં મકાન ધરાશાયી થવાની ઘટનામાં ૬ લોકોના કરુણ મોત થયા હતા, જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં વરસાદી હોનારતમાં વધુ ૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ સમગ્ર ઘટનાએ માનવતાને ઝંઝોળી નાખી છે અને વ્યાપક શોકની લાગણી ફેલાવી છે. આ દુખદ અને હૃદયદ્રાવક ઘટનાને લઈને પૂજ્ય મોરારિબાપુએ તમામ દિવંગતોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને તેમના આત્માની શાંતિ માટે પરમ કૃપાળુ હનુમાનજી મહારાજના ચરણોમાં પ્રાર્થના કરી હતી. સાથે જ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી અને આ મુશ્કેલ સમયમાં ધીરજ રાખવાની પ્રેરણા આપી હતી. માનવતાના અભિગમ સાથે પૂજ્ય બાપુએ મૃતકોના આશ્રિત પરિવારોને પ્રત્યેક પરિવાર દીઠ ૧૫ હજાર લેખે કુલ ૧,૯૫,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરી છે. આ સહાય રકમ મુંબઈ સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા અસરગ્રસ્ત પરિવારો સુધી રૂબરૂ પહોંચાડવામાં આવશે, જેથી તેમને આ સંકટકાળમાં થોડી રાહત મળી શકે અને સહારો પ્રાપ્ત થાય. આ અંગેની માહિતી તલગાજરડાથી જયદેવભાઈ માંકડની સત્તાવાર યાદીમાં આપવામાં આવી છે, જેમાં જણાવાયું છે કે પૂજ્ય બાપુ હંમેશા માનવ સેવા, કરુણા અને સંવેદનાના કાર્યમાં આગળ રહે છે.

Jain Vision
વિચારથી વિઝન, વિઝનથી પરિવર્તન.
એક વિઝન... અનેક સેવાયાત્રા...
vartikaar FILMS

# સદભાવના વૃદ્ધાશ્રમના 150થી વધુ વડીલો માટે નિઃશુલ્ક ફિલ્મ શો

## » જૈન વિઝન અને વાર્તાકાર ફિલ્મ્સનો ઉપક્રમ; 'વન્સ મોર જિંદગી' ફિલ્મનું વિશેષ પ્રદર્શન યોજાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સમાજસેવાના ક્ષેત્રે સતત કાર્યરત જૈન વિઝન અને વાર્તાકાર ફિલ્મ્સના સંયુક્ત ઉપક્રમે તા. ૯ જુલાઈએ સવારે ૯:૩૦ કલાકે કાલાવડ રોડ સ્થિત કોસ્મોપ્લેક્સ સિનેમામાં સદભાવના વૃદ્ધાશ્રમના ૧૫૦થી વધુ વડીલો માટે ગુજરાતી ફિલ્મ 'વન્સ મોર જિંદગી'નું વિશેષ નિશુલ્ક પ્રદર્શન યોજાશે. આ કાર્યક્રમ દ્વારા વડીલોને મનોરંજન સાથે ભાવનાત્મક જોડાણનો અનોખો અનુભવ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ઉપક્રમનો મુખ્ય હેતુ વડીલોને આનંદની પળો આપવાનો, સમાજના પ્રેમ અને સન્માનનો અનુભવ કરાવવાનો તથા તેમના જીવનમાં ખુશીની નવી યાદો ઉમેરવાનો છે. કાર્યક્રમ દરમિયાન તમામ વડીલો માટે પ્રેમપૂર્વક નવકારશીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેથી તેઓને ઘર જેવી લાગણી અનુભવાય.

વૃદ્ધાશ્રમના વડીલોને કાર્યક્રમ સ્થળ સુધી આવવા-જવા માટે બસની સંપૂર્ણ વ્યવસ્થા જૈન અગ્રણી સમાજસેવક ઈન્દુભાઈ બદાણી (ઈથોપિયા)ના સહયોગથી કરવામાં આવી છે, જેના કારણે તમામ વડીલો સરળતાથી કાર્યક્રમનો




લાભ લઈ શકશે.

જૈન વિઝન પરિવારના જણાવ્યા મુજબ સેવા માત્ર સહાય નહીં, પરંતુ વડીલોના ચહેરા પર સ્મિત લાવવાનો અને તેમના હૃદયમાં આનંદ ફેલાવવાનો એક નમ્ર પ્રયાસ છે. આવા ઉપક્રમો દ્વારા સમાજમાં સંવેદનાની ભાવના મજબૂત બને છે.

આ સમગ્ર આયોજનમાં મિલન કોઠારીના માર્ગદર્શન હેઠળ ડૉ. હાર્દિક શાહ, નીલ મહેતા, જય મહેતા અને દેવાંગ ખજુરિયાની ટીમ સક્રિય રીતે સેવા આપી રહી છે. વધુ માહિતી માટે તુષાર પતીરા (મો. ૯૮૯૮૬૧૩૧૭૭)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# વીરપુરમાં મેઘરાજાની કૃપા માટે 200 કિલો લાડુથી શ્વાનોને જમણવાર



**સિટી ન્યૂઝ@વીરપુર-ગૌરવ ગાજીપરા**

રાજકોટ જિલ્લાના યાત્રાધામ વીરપુરમાં મેઘરાજાની કૃપા, ખેડૂતોને સારો પાક અને સમગ્ર પંથકની સુખ-સમૃદ્ધિ માટે વર્ષોથી ચાલી આવતી લોકઆસ્થાની પરંપરા અંતર્ગત ગાયત્રી મુક્તિધામ સેવા સમિતિ અને ગાયત્રી પરિવાર દ્વારા સીમ વિસ્તારમાં અંદાજે ૨૦૦ કિલો લાડુ તૈયાર કરી શ્વાનોને પ્રસાદરૂપે જમાડવામાં આવ્યા હતા. સ્થાનિક માન્યતા મુજબ જીવદયાના ભાવથી શ્વાનોને લાડુ જમાડવાથી સારો વરસાદ વરસે, ખેડૂતોના ખેતરો લીલાછમ બને અને સમગ્ર વિસ્તારમાં સુખ-શાંતિ તથા સમૃદ્ધિનો માહોલ સર્જાય છે. આ માન્યતાને અનુસરી દર વર્ષે સ્થાનિક સેવાભાવીઓના સહયોગથી આ પરંપરા નિષ્ઠાપૂર્વક નિભાવવામાં આવે છે. ચાલુ વર્ષે વીરપુર પંથકમાં સરેરાશ કરતાં ઓછો વરસાદ નોંધાતા ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. ત્યારે જીવદયાના આ ઉપક્રમ દ્વારા મેઘરાજા મનમુકીને વરસે અને ખેડૂતોને ઉત્તમ પાક મળે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. ગાયત્રી મુક્તિધામ સેવા સમિતિ અને ગાયત્રી પરિવારના કાર્યકરોએ જણાવ્યું હતું કે આ માત્ર ધાર્મિક વિધિ નહીં, પરંતુ જીવમાત્ર પ્રત્યે કરુણા, સેવા અને પ્રકૃતિ પ્રત્યેની આસ્થાનું પ્રતીક છે. વર્ષોથી સ્થાનિક લોકોના સહયોગથી આ પરંપરા અવિરત રીતે જળવાઈ રહી છે. જીવદયા, લોકઆસ્થા અને પ્રકૃતિ પ્રત્યેની શ્રદ્ધાનો સંદેશ આપતી આ અનોખી પરંપરા આજે પણ યાત્રાધામ વીરપુરની આગવી ઓળખ બની રહી છે. હવે સમગ્ર પંથકના ખેડૂતોની નજર સારા વરસાદ પર છે, જેથી ખેતરો સમૃદ્ધ પાકથી લહેરાઈ ઊઠે.

# વડતાલના સંતવલ્લભદાસજી સ્વામીને વેદ-શાસ્ત્ર પંડિત એવોર્ડ

## ગુજરાત રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમીનું પ્રતિષ્ઠિત સન્માન; સંસ્કૃત અને વૈદિક પરંપરાના સંવર્ધન માટે રાજ્યસ્તરે ગૌરવ

**સિટી ન્યૂઝ@વડતાલ**

ભારતીય સંસ્કૃતિ, વૈદિક પરંપરા અને સંસ્કૃત ભાષા-સાહિત્યના સંવર્ધન ક્ષેત્રે આજીવન નોંધપાત્ર યોગદાન બદલ વડતાલના ચેરમેન પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામીને ગુજરાત રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમીનો વર્ષ-૨૦૨૫નો પ્રતિષ્ઠિત 'વેદ-શાસ્ત્ર પંડિત' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમીનો આ એવોર્ડ સંસ્કૃત ક્ષેત્રના સર્વોચ્ચ સન્માનોમાં સ્થાન ધરાવે છે. સંસ્કૃત ભાષા, વેદ-શાસ્ત્ર, ભારતીય જ્ઞાનપરંપરા, સંશોધન, અધ્યાપન, ગ્રંથરચના, સંપાદન તથા સંસ્કૃતના પ્રચાર-પ્રસાર ક્ષેત્રે દીર્ઘકાલીન અને અસાધારણ યોગદાન આપનાર વિદ્વાનો અને સંતોને આ સન્માન અર્પણ કરવામાં આવે છે.

આ સન્માન ગુજરાત રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ ઝા તથા મહામંત્રી ડૉ. જિતેન્દ્રસિંહ જાદવની ઉપસ્થિતિમાં યોજાયેલા સમારોહમાં એનાયત કરવામાં આવ્યું હતું.

પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામીએ પ્રાથમિક શિક્ષણ સુરતમાં પૂર્ણ કર્યા બાદ કાશી (વારાણસી)માં સંસ્કૃત શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.



તેમણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાંથી પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે, જ્યારે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ તેમને ડી.લિટ.ની માનદ ઉપાધિથી પણ સન્માનિત કર્યા છે.

વડતાલ મંદિર અને સંલગ્ન સંસ્થાઓની ધાર્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું માર્ગદર્શન આપવાની સાથે તેઓ સંસ્કૃતના અભ્યાસ, સંશોધન, લેખન, સંપાદન અને ગ્રંથપ્રકાશન ક્ષેત્રે સતત કાર્યરત છે.આ સન્માનને વડતાલ સંસ્થાન, સંસ્કૃત જગત અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ ગણાવવામાં આવી છે. પ્રસંગે કોઠારી દેવપ્રકાશ સ્વામી સહિત વિવિધ સંતો તેમજ ધાર્મિક, શૈક્ષણિક, સાહિત્યિક અને સામાજિક ક્ષેત્રના આગેવાનોએ પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# 9 અને 10 જુલાઈએ જામનગર-વડોદરા ઈન્ટરસિટી બાજવા સુધી જ દોડશે

» વડોદરા સ્ટેશન પર પ્લેટફોર્મ વિસ્તરણના કામને કારણે બે દિવસ માટે ટ્રેન સેવા આંશિક પ્રભાવિત

સિટી ન્યૂઝ@રાજકોટ

વડોદરા સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ના એક્સટેન્શન સહિતની કામગીરી માટે બ્લોક લેવામાં આવતાં ૯ અને ૧૦ જુલાઈ દરમિયાન જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસના સંચાલનમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના જણાવ્યા મુજબ ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ૯ અને ૧૦ જુલાઈએ બાજવા સ્ટેશનથી જ પ્રસ્થાન કરશે. તેથી વડોદરાથી બાજવા વચ્ચેનો રૂટ રદ રહેશે. તે જ રીતે ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૯ અને ૧૦ જુલાઈએ બાજવા સ્ટેશન સુધી જ દોડશે. બાજવાથી વડોદરા વચ્ચેનો ટ્રેનનો પ્રવાસ રદ કરવામાં આવ્યો છે.

રેલવે તંત્રે મુસાફરોને મુસાફરી પહેલાં ટ્રેનના સમયપત્રક અને અન્ય વિગતો ચકાસીને જ પ્રવાસ કરવાની અપીલ કરી છે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને કોચ કમ્પોઝિશનની માહિતી માટે www.enquiry.indianrail.gov.in વેબસાઇટ પર માહિતી ઉપલબ્ધ રહેશે.

# Vikas Pen World : 1956થી વિશ્વાસની શાહીથી લખાઈ રહી છે સફળતાની ગાથા

સિટી ન્યૂઝ@રાજકોટ



વિશ્વાસ, ગુણવત્તા અને ગ્રાહક સેવાને કેન્દ્રમાં રાખીને કાર્યરત Vikas Pen World આજે સૌરાષ્ટ્રની અગ્રણી Personalized Pen Brand તરીકે ઓળખ ઉભી કરી છે. વર્ષ ૧૯૫૬માં સ્વ. ઇન્દુભાઈ ગોરધનદાસ મહેતા દ્વારા રાજકોટના ધર્મેન્દ્ર રોડ પરથી શરૂ થયેલી આ સફર આજે ત્રણ પેઢીઓના પરિશ્રમથી સફળતાના નવા શિખરો સર કરી રહી છે.પિતાના વ્યવસાયમાં માત્ર ૧૧ વર્ષની ઉંમરે જોડાયેલા મહેન્દ્રભાઈ ઈન્દુભાઈ મહેતાએ મહેનત અને ગ્રાહક વિશ્વાસના બળે "Modern Pen Centre"ને નવી ઓળખ અપાવી. ત્યારબાદ હરેશભાઈ મહેતા અને સંજયભાઈ મહેતા પણ વ્યવસાય સાથે જોડાતા કોર્પોરેટ ગિફ્ટિંગ અને પ્રીમિયમ પેન ક્ષેત્રે કંપનીએ આગવી ઓળખ બનાવી.

વર્ષ ૨૦૧૭માં સંજયભાઈ મહેતાના કેન્સર નિદાન બાદ પરિવાર સામે ગંભીર પડકાર ઉભો થયો હતો. છતાં મહેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ ત્રીજી પેઢીના રીશીત મહેતા અને શ્રેયાંસ મહેતાએ વ્યવસાયને નવી દિશા આપીને Vikas Pen World તરીકે નવી ઓળખ ઉભી કરી.

આજે અહીં ૫૦થી શરૂ થતી પ્રીમિયમ મેટલ પેન, કોર્પોરેટ ગિફ્ટિંગ તથા વ્યક્તિગત નામ, કંપનીના લોગો અથવા વિશેષ સંદેશ સાથે Laser Engraving દ્વારા મિનિટોમાં Personalized Pen તૈયાર કરવાની સુવિધા ઉપલબ્ધ છે. સરકારી વિભાગો, બેન્કો, શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગો અને વિવિધ સંસ્થાઓ માટે Vikas Pen World વિશ્વાસપાત્ર નામ બની ગયું છે.

વર્ષ ૨૦૨૬માં Vikas Pen World માટે ગૌરવની ક્ષણ ત્યારે સર્જાઈ જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નામની વિશેષ Personalized Metal Pen અહીં તૈયાર થઈ અને એક ગ્રાહક દ્વારા તેમને ભેટરૂપે અર્પણ કરવામાં આવી હતી. ઉપરાંત, દિવ્ય ભાસ્કર ગ્રુપના MY FM દ્વારા "Most Trusted Personalized Pen Store of Saurashtra" એવોર્ડથી પણ સંસ્થાને સન્માનિત કરવામાં આવી હતી.સંચાલકોના જણાવ્યા મુજબ, "દરેક પેન માત્ર એક પ્રોડક્ટ નથી, પરંતુ લાગણી, સંબંધ અને યાદોને વ્યક્ત કરવાનું માધ્યમ છે." આ જ મૂલ્યો સાથે Vikas Pen World આગામી પેઢીઓ સુધી ગુણવત્તા અને વિશ્વાસની પરંપરા જાળવી રાખવાનો સંકલ્પ ધરાવે છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| KUSUMGAR | 08/7 | 10/7 | 398 - 419 | 35 | 14,665 |
| LASER POWER & INFRA | 09/7 | 13/7 | 203 - 214 | 70 | 14,980 |
| SME DETAILS | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HAPPY STEELS | 09/7 | 13/7 | 62 - 66 | 4000 | 2,64,000 |
| DEVSON CATALYST | 09/7 | 13/7 | 112 - 118 | 2400 | 2,83,200 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ટેક્સમેકો રેલ એન્ડ એન્જિનિયરિંગ લિ.એ જણાવ્યું છે કે કંપનીને સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશને બ્રેક વાન સાથે બીએલએસએસ રેક્સના ઉત્પાદન અને સપ્લાય માટે લેટર ઓફ એવોર્ડ આપ્યો છે. ઓર્ડરનું મૂલ્ય રૂ.૭૦.૭૨ કરોડ છે.
- મોઈલ લિ.એ જણાવ્યું છે કે એપ્રિલ-જૂન ૨૦૨૬ દરમિયાન ૫.૦૮ લાખ એમટી મેંગેનીઝ ઓરનું ઉત્પાદન કર્યું છે, જ્યારે એપ્રિલ-જૂન ૨૦૨૫ દરમિયાન ૫.૦૨ લાખ એમટીનું મેંગેનીઝનું ઉત્પાદન કર્યું હતું. તેમ જ એપ્રિલ-જૂન ૨૦૨૬ દરમિયાન ૩.૬૮ લાખ એમટી મેંગેનીઝ ઓરનું વેચાણ કર્યું છે, જ્યારે એપ્રિલ-જૂન ૨૦૨૫ દરમિયાન ૩.૫૬ લાખ એમટીનું મેંગેનીઝનું વેચાણ કર્યું હતું.
- બેન્ક ઓફ બરોડાની બોર્ડ મીટિંગ ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- અંબુજા સિમેન્ટ્સ લિ.ની બોર્ડ મીટિંગ ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- એસીસી લિ.ની બોર્ડ મીટિંગ ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- વિપ્રો લિ.ની બોર્ડ મીટિંગ ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા અને વચગાળાના ડિવિડંડની વિચારણા કરાશે.
- હિન્દુસ્તાન યૂનિલિવર લિ.ની બોર્ડ મીટિંગ ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.